જામિઅહ ઉલૂમુલ કુર્આન,
જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

## માસિક

## ડીસેમ્બર - ૨૦૧૯

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

નેતાઓ, સરદારો, અમીરો, વડીલો, પેશ્વાઓ, મુરબ્બીઓ, શિક્ષકો, ઉલમાઓ, કેળવણીકારો.. વગેરે મોભાનું સ્થાન ધરાવતા લોકોની બેઈમાની, ભ્રષ્ટાચાર, અને ગુનાહોનું મોટું નુકસાન આ છે કે સામાન્ય લોકો અને પ્રજા પણ એમના રસ્તે ચાલી પડે છે અને એમના દિલોમાંથી ગુનાહો – બુરાઈઓની નફરત નીકળી જાય છે. અને પછી દુનિયા માટે પ્રજા, અવામ અને સામાન્ય લોકોની બેઈમાની, બુરાઈ અને ગુનાહો નેતાઓ – અમીરોની બુરાઈ કરતાં પણ વધારે નુકસાનકાર પુરવાર થાય છે.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી, બાબરી મસ્જિદ ચુકાદો | ૩ |
| અલ્લાહની ગૈબી મદદની શરત | ૬ |
| મઆરિફુલ હદીસ | ૧૨ |
| પરિવર્તનની તક | ૧૭ |
| મંઝિલની ફઝીલત | ૧૯ |
| દીનને સરળ રાખો. | ૨૩ |
| ગિરતોં કો થામ લે .. | ૨૭ |
| નિકાહ અને વડીલોની જવાબદારી | ૨૯ |
| ફતાવા વિભાગ | ૩૧ |
| બોધકથા | ૩૫ |
| Necessity to maintain local Masjids after Babri Masjid Verdict | ૩૬ |
| છેલ્લા પાને | ૩૮ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

ડિસેમ્બર – ૨૦૧૯ ઈ.

રબીઉલ આખર –૧૪૪૧ હિ.

વર્ષ – ૧૯, અંક – ૧૦

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

## જામિઅહને સદમો અને દુઆએ મગફિરત

● દેવલા ખાતે જામિઅહના મરહૂમ ટ્રસ્ટી જનાબ મવ. અલી સા. ખાનપૂરી રહ. ના પુત્રીનો ઈન્તેકાલ થઈ ગયો. ઈન્નાલિલ્લાહ... અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે, જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. જામિઅહ પરિવાર આ તબક્કે મરહૂમહના રિશ્તેદારો વિશેષ કરીને મરહૂમહના ભાઈ મવ. અબ્દુલ હક સા. અને જામિઅહના ઉસ્તાદ મવ. સુલૈમાન સાહેબ અને પુત્રોની ખિદમતમાં તઅઝિયત પેશ કરે છે. અલ્લાહ તઆલા બધા જ સગોઓને સબ્ર – અજ્રથી નવાઝે. આમીન.

● જામિઅહ જંબુસરના દરજએ હિફજના ઉસ્તાદ જનાબ મવલાના શમ્સુદ્દીન દહેગામી સા.ના વાલિદે મુહતરમ જનાબ મવ. આદમ સા. રહ. તા. ૧૪ ઓકટોબરના રોજ ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. એના બે દિવસ બાદ તા. ૧૬ ઓકટો. એમના વાલિદહ પણ ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા બંને મરહૂમોની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમની નેકીઓ અને દીની ખિદમાતને કુબૂલ ફરમાવીને સદકએ જારિયહ બનાવે. જામિઅહ પરિવાર એમના રંજ– ગમમાં શરીક છે અને મરહૂમ માટે તેમજ પાછળ રહી જતા સગાઓ માટે ખેર – ભલાઈની દુઆ કરે છે. અલ્લાહ તઆલા મવ. શમ્સુદ્દીન સાહેબ અને અન્ય સગાઓને સબ્ર – અજ્ર અતા ફરમાવે અને પોતાના ગેબી ખઝાનામાંથી મા – બાપની રહમતો – દુઆઓની બરકતોને જારી રાખે. આમીન.

● જામિઅહના દરજએ હિફજના ઉસ્તાદ જનાબ કારી બશીર દેવલ્વી સા.ના સસરા જનાબ ઈકબાલ ભાઈ ફોરેસ્ટર, પાછલા દિવસોમાં ખાનપૂર ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. નેકીઓને કુબૂલ ફરમાવે. જામિઅહ પરિવાર કારી સા. અને સગાઓની ખિદમતમાં તઅઝિયત પેશ કરે છે. અલ્લાહ તઆલા બધા જ સગા સંબંધીઓને સબ્ર – અજ્ર આપે.

તંત્રી સ્થાનેથી

# બાબરી મસ્જિદ ચુકાદો
# મુસ્લિમ પર્સનલ લો બોર્ડનું મંતવ્ય
## અને પુનર્વિચાર અરજી દાખલ કરવા બાબતેનું નિવેદન

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની કાર્યકારિણીની એક બેઠક આજે તા. ૧૭/૧૧/૨૦૧૯ ના રોજ બોર્ડના પ્રમુખ હઝરત મવલાના સય્યદ મુહમ્મદ રાબેઅ હસની નદવીના પ્રમુખપદ હેઠળ સંપન્ન થઈ, જેમાં બાબરી મસ્જિદ સંબંધિત સુપ્રિમ કોર્ટના ૯/૧૧/૨૦૧૯ના ફેસલા બાબતે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી. કારોબારીની ચર્ચામાં સુપ્રિમ કોર્ટે ૯/૧૧/૨૦૧૯ના રોજ આપેલા ફેસલાના નીચે મુજબના નિષ્કર્ષ મુખ્ય રૂપે સામે આવ્યા.

(૧) બાબરી મસ્જિદની તામીર બાબરના કમાન્ડર મીર બાકી દ્વારા ૧૫૨૮માં કરવામાં આવી હતી. જેમ કે કેસના વાદી નં ૫ દ્વારા આ વાત સ્વીકારવામાં આવી છે અને સુપ્રિમ કોર્ટે પણ એને સ્વીકાર્યું છે.

(૨) મુસલમાનો દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાઓના આધારે આ પુરવાર છે કે ૧૮૫૭ થી ૧૯૪૯ સુધી બાબરી મસ્જિદનો ત્રણ ગુંબદવાળો ભાગ અને મસ્જિદનો અંદરનું સહન મુસલમાનોના કબજા અને વપરાશમાં હતું. સુપ્રિમ કોર્ટ દ્વારા આ બાબતને પણ સ્વીકારવામાં આવી છે.

(૩) બાબરી મસ્જિદમાં છેલ્લી નમાઝ ૧૬ ડિસેમ્બર ૧૯૪૯ના દિવસે પઢવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટ દ્વારા આ બાબતને પણ સ્વીકારવામાં આવી છે.

(૪)૨૨/૨૩ ડિસેમ્બર ૧૯૪૯ ની રાત્રે બાબરી મસ્જિદના વચ્ચેના ગુંબદ નીચે ગેરકાનૂની રીતે રામચંદ્રજીની મુર્તિ મુકી દેવામાં આવી, આ પણ સુપ્રિમ કોર્ટે સ્વીકાર્યું છે.

(૫) બાબરી મસ્જિદના વચ્ચેના ગુંબદ નીચેના ભાગની જન્મસ્થાન તરીકે પૂજા થતી હોય એ પુરવાર નથી થયું. જેથી સુટ : ૫, ના વાદી નં : ૨ (જન્મસ્થાન)ને Deity માની શકાય નહીં.

(૬) મુસલમાનો દ્વારા દાખલ કરવામાં આવેલ દાવો નં : ૪, મુદત

(limitation)ની અંદર છે તથા આંશિક રીતે ડિક્રી કરવા પાત્ર છે.

(૭) સુપ્રિમ કોર્ટ દ્વારા આ પણ સ્વીકારવામાં આવ્યું છે કે ૬ ડિસેમ્બરના દિવસે બાબરી મસ્જિદ તોડી પાડવાનું કૃત્ય ભારતના સેકયુલર સંવિધાનના વિરુદ્ધ હતું.

(૮) વિવાદિત સ્થળમાં હિંદુઓ સેંકડો વરસથી પૂજા કરતા આવે છે એટલે સમસ્ત વિવાદિત ભૂમિ દાવા નં ૫, ના વાદી નં ૧ ને (ભગવાન રામલલા)ને આવી દેવામાં આવી છે.

(૯) વિવાદિત ભૂમિ દાવા નં ૫, ના વાદી નં ૧ ને આપવામાં આવી છે એટલે મુસલમાનોને પાંચ એકર જમીન કેન્દ્ર સરકાર દ્વારા કાં તો સરકારે સંપાદિત કરેલી જમીનમાંથી અથવા અયોધ્યાના કોઈ અન્ય સ્થાને આપવામાં ઓ, જયાં મસ્જિદ બનાવી શકાય. આ આદેશ માનનીય સુપ્રિમ કોર્ટ દ્વારા સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ દ્વારા આપવામાં આવેલ શકિતઓનો પ્રયોગ કરીને આપવામાં આવ્યો છે. જે અનુસાર ઉપરોકત પાંચ એકર જમીન સુન્ની વકફ બોર્ડને આપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

(૧૦) માનનીય સુપ્રિમ કોર્ટ દ્વારા એ. એસ.આઈ.ની રિપોર્ટના આધારે આ વાત સ્વીકારવામાં આવી છે કે કોઈ મંદિરને તોડીને મસ્જિદ બનાવવામાં આવી નથી.

.........

મીટીંગમાં આ બાબતે પણ ચર્ચા થઈ કે ૨૨/૨૩ ડિસેમ્બર ૧૯૪૯ ની રાત્રે બાબરી મસ્જિદના ગુંબદ નીચે મુર્તિઓ મુકવા બાબતે નોંધવામાં આવેલ એફ.આર.આઈ. અને સરકાર ઉ. પ્રદેશ, ડી.એમ. ફૈઝાબાદ, તેમજ એસ.પી. ફૈઝાબાદ, દ્વારા દાવા નં ૧ અને ૨, માં દાખલ કરવામાં આવેલ જવાબમાં આ સ્વીકાર કરવામાં આવ્યું છે કે ઉપરોકત મુર્તિઓ ચોરીથી અને જબરદસ્તી મુકવામાં આવી હતી, અને માનનીય હાઈકોર્ટ લખનઉ બેન્ચ દ્વારા ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૦ ના ચુકાદામાં પણ ઉપરોકત મુર્તિઓને Deity માનવામાં નથી આવી.

ઉપરોકત પરિસ્થિતિઓના અનુસંધાને આજની મીટીંગ આ મહસૂસ કરે છે કે માનનીય સુપ્રિમ કોર્ટના ઉપરોકત નિર્ણયમાં અનેક બિંદુઓ બાબતે વિરોધાભાસ છે, બલકે આ ચુકાદો બુદ્ધિ વિપરીત અને પ્રથમ દષ્ટિએ અયોગ્ય

લાગે છે.

કારોબારીને નીચે દર્શાવેલ મુદ્દાઓના આધારે સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાને ન્યાયથી અનુકુળ નથી લાગતો :

(૧) જયારે ૨૨/૨૩ ડિસેમ્બર ૧૯૪૯ ની રાત્રે બળપૂર્વક મુકવામાં આવેલ રામચંદ્રજીની મુર્તિ અને અન્ય મુર્તિઓ મુકવું અસંવૈધાનિક હતું તો આ પ્રકારે અસંવૈધાનિક રીતે મુકવામાં આવેલ મુર્તિઓને Deity કેવી રીતે માની લેવામાં આવી ? આ તો હિન્દુ ધર્મશાસ્ત્રના અનુસાર પણ Deity નથી બની શકતી.

(૨) જયારે બાબરી મસ્જિદમાં ૧૮૫૭ થી ૧૯૪૯ સુધી મુસલમાનોનો કબજો અને નમાઝ પઢવાનું પુરવાર માનવામાં આવ્યું છે તો મસ્જિદની જમીનને દાવા નં ૫, વાદી નં ૧ ને કયા આધારે આપી દેવામાં આવી ?

(૩) સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ નો પ્રયોગ કરતી વેળા માનનીય ન્યાય મુર્તિએ આ બાબતે વિચાર નથી કર્યો કે વકફ એકટ ૧૯૯૫ ની કલમ ૧૦૪ એ, અને ૫૧–૧ ના અંતર્ગત મસ્જિદની જમીનના ફેરબદલ અથવા ટ્રાન્સફરને પૂર્ણ રીતે પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. તો પછી વકફ એકટના ઉપરોકત નિયમ તેમજ કાનૂની મનાઈ છતાં બંધારણની કલમ ૧૪૨ મુજબ મસ્જિદની જમીનના બદલામાં કોઈ બીજી કેવી રીતે લઈ શકાય ? અને સ્વંય માનનીય સુપ્રિમ કોર્ટ એના અન્ય ચુકાદાઓમાં સ્વીકાર કરી ચુકી છે કે અનુચ્છેદ ૧૪૨ થી મળતા અધિકારોનો ઉપયોગ અસિમિત નથી.

કાર્યકારિણી દ્વારા ઉપરોકત તથ્યો ઉપર વિચાર કરીને અને સુપ્રિમ કોર્ટના ચુકાદામાં ઉપર મુજબના તેમજ અન્ય apparent errors હોવાથી પુનર્વિચાર યાચિકા દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવે છે. જેમાં આ તથ્યનો પણ ઉલ્લેખ કરવામાં આવશે કે મસ્જિદની જમીનના બદલામાં મુસલમાનો અન્ય કોઈ જમીન સ્વીકારશે નહીં. અને ન્યાય હિતમાં મુસલમાનોને બાબરી મસ્જિદની જમીન પરત આપવામાં આવે. મુસલમાનો કોઈ અન્ય સ્થાને પોતાનો અધિકાર મેળવવા સુપ્રિમ કોર્ટમાં નથી આવ્યા, બલકે મસ્જિદની જમીનના ન્યાય માટે સુપ્રિમમાં આવ્યા હતા.

# બદર અને ઉહદની લડાઈમાં સબ્ર અને તકવાની શરતે અલ્લાહની ગૈબી મદદ

— મુફ્તી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

وَاِذْ غَدَوْتَ مِنْ اَهْلِكَ تُبَوِّئُ الْمُؤْمِنِيْنَ مَقَاعِدَ لِلْقِتَالِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ۝۱۲۱ اِذْ هَمَّتْ طَّآئِفَتٰنِ مِنْكُمْ اَنْ تَفْشَلَا ۙ وَاللّٰهُ وَلِيُّهُمَا ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ۝۱۲۲ وَلَقَدْ نَصَرَكُمُ اللّٰهُ بِبَدْرٍ وَّاَنْتُمْ اَذِلَّةٌ ۚ فَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝۱۲۳ اِذْ تَقُوْلُ لِلْمُؤْمِنِيْنَ اَلَنْ يَّكْفِيَكُمْ اَنْ يُّمِدَّكُمْ رَبُّكُمْ بِثَلٰثَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُنْزَلِيْنَ ۝۱۲۴ بَلٰٓى ۙ اِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا وَيَاْتُوْكُمْ مِّنْ فَوْرِهِمْ هٰذَا يُمْدِدْكُمْ رَبُّكُمْ بِخَمْسَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُسَوِّمِيْنَ ۝۱۲۵ وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى لَكُمْ وَلِتَطْمَئِنَّ قُلُوْبُكُمْ بِهٖ ؕ وَمَا النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ۝۱۲۶ لِيَقْطَعَ طَرَفًا مِّنَ الَّذِيْنَ كَفَرُوْٓا اَوْ يَكْبِتَهُمْ فَيَنْقَلِبُوْا خَآئِبِيْنَ ۝۱۲۷ لَيْسَ لَكَ مِنَ الْاَمْرِ شَيْءٌ اَوْ يَتُوْبَ عَلَيْهِمْ اَوْ يُعَذِّبَهُمْ فَاِنَّهُمْ ظٰلِمُوْنَ ۝۱۲۸ وَلِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۱۲۹

તરજમહ : અને (યાદ કરો) જ્યારે તમે સવારના પહોળે તમારા ઘરવાળાઓ પાસેથી નીકળીને મુસલમાનોને લડાઈના મોરચાઓ ઉપર ગોઠવી રહયા હતા અને અલ્લાહ તઆલા સઘળું સાંભળનાર જાણનાર છે. (૧૨૧) જ્યારે તમારામાંથી બે સમુહોએ વિચાર્યુ કે ફસકી જઈએ. પણ અલ્લાહ એમનો વાલી (મદદગાર) હતો (એટલે અડગ રહયા) અને અલ્લાહ તઆલા ઉપર જ મુસલમાનોએ ભરોસો કરવો જોઈએ. (૧૨૨) અને (અગાઉ) અલ્લાહ તઆલાએ બદ્ર(ની લડાઈ)માં તમે અશકત હતા ત્યારે પણ તમારી મદદ કરી છે, માટે અલ્લાહ તઆલાથી ડરો જેથી તમે શુક્ર કરી શકો. (૧૨૩) (યાદ કરો) જ્યારે આપ મુસલમાનોને ફરમાવતા હતા કે તમને આટલું કાફી નથી કે તમારો પરવરદિગાર (વિશેષ રૂપે) ઉતારવામાં આવેલ ત્રણ હજાર ફરિશ્તાઓ દ્વારા તમારી મદદ કરે ?(૧૨૪) કેમ નહિ ! જો તમે સબ્ર કરશો અને ડરશો (તો

આટલું કાફી છે.) અને તેઓ (દુશ્મનો) તમારા ઉપર તુરંત ચડી આવશે તો તમારો પરવરદિગાર પાંચ હજાર નિશાનીવાળા (અસ્વાર) ફરિશ્તાઓથી તમારી મદદ કરશે. (૧૨૫) અને આ બધું અલ્લાહ તઆલાએ ફકત તમારી ખુશી માટે કર્યું છે, એટલા માટે કે તમારા દિલોને ટાઢક વળે. અને આવી સાચી મદદ શકિતશાળી હિકમતવાળા અલ્લાહ તઆલા પાસેથી જ મળે છે. (૧૨૬) (આ મદદ) એટલા માટે કે કુફ્ર કરનારા એક સમુહને નષ્ટ કરી દે અથવા એમને અપમાનિત (પરાસ્ત) કરી દે, જેથી તેઓ તેઓ નિરાશ–નિષ્ફળ થઈ પાછા વળે (૧૨૭) આપની પાસે આ બાબતે કોઈઅધિકાર નથી. ચાહે એમની તોબા કુબૂલ કરે અથવા એમને અઝાબ આપે, એટલા માટે તેઓ ઝાલિમ છે. (૧૨૮) અને જે કંઈ આકાશોમાં છે અને જે કંઈ પૃથ્વીમાં છે તે અલ્લાહનું જ છે. તે ચાહે તેને બખ્શી દે અને ચાહે તેને સઝા કરે. અને અલ્લાહ ઘણી મગફિરત કરનાર મોટો રહમવાળો છે. (૧૨૯)

તફસીર : આયત નં ૧૨૧ માં 'ઉહદ'ની લડાઈનું વર્ણન છે, અને પછી આયત નં ૧૨૨ માં બદરની લડાઈનું વર્ણન છે. અગાઉ ૧૨૦ માં કહેવામાં આવ્યું હતું કે જો તમે સબ્ર કરશો અને ખુદાથી ડરતા રહેશો તો શત્રુઓ તમારું કંઈ બગાડી શકશે નહીં, એના જ પુરાવા તરીકે ઉહદ (હિ.સન : ૩) અને બદર (હિ.સન : ૨)ની લડાઈના અમુક કિસ્સાઓ તરફ ઈશારો કરવામાં આવે છે, કે આ બંને મુકાબલાઓમાં અલ્લાહ તઆલાની મદદના કારણે શત્રુઓ તમારું કંઈ બગાડી શકયા નહીં. મવ. ઈદરીસ કાંધલવી રહ. લખે છે : ઉહદમાં સબ્ર અને તકવામાં કચાશ રહી ગઈ એટલે નુકસાન થયું અને બદરમાં તમે સબ્ર – તકવો અપનાવ્યો હતો એટલે નિસહાય, ખાલી હાથ હોવા છતાં તમને જીત મળી હતી. ઉહદની જે ઘટનાનું અહિંયા વર્ણન છે તેની ટુંકી વિગત આ છે કે હિજરી સન ૨ માં બદરની લડાઈમાં મુસલમાનોના હાથે મક્કાના શત્રુઓને ભારે હાર વેઠવી પડી હતી, એમના મોટા સરદારો કતલ થયા હતા અને ૭૦ માણસો કેદ પણ થયા હતા જેમને પૈસા દઈને છોડાવવા પડયા હતા. એનો બદલો વાળવા એક વરસ સુધી મક્કાવાળા તૈયારી કરતા રહયા, વરસ પછી પૂરી તૈયારી કરીને, ૩૦૦૦ માણસો યુદ્ધ કરવાના ઈરાદે નીકળ્યા. ૭૦૦ યોદ્ધાઓ બખ્તર સહિત, ૨૦૦ ઘોડેસ્વાર યોદ્ધાઓ, વાંજા – વાજિંત્રો સાથે શોર્ય ગીતો ગાનારી સ્ત્રીઓ, બધા નીકળીને મદીના શરીફથી અઢી ત્રણ

માઈલના અંતરે ઉદહ પહાડ સુધી આવી પહોંચ્યા.

આ બાજુએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મશ્વેરો કર્યો, આપ સલ.નો મત, અમુક સહાબા અને મદીનાના એક બીજા સમુહ એટલે કે અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક અને એના સાથીઓનો મત આ હતો કે મદીનામાં રહીને મુકાબલો કરવામાં આવે. પણ બદરમાં શરીક થવાથી રહી ગયેલા અમુક યુવાન સહાબાનો આગ્રહ હતો કે બહાર નીકળીને સામ સામે લડવામાં આવે. એટલે અંતે આપ સલ. તા. ૭ શવ્વાલ હિજ.૩ ના રોજ સવારે હઝરત આઈશહ રદિ.ના હુજરમાંથી હથિયારબંધ થઈને નીકળ્યા. કુલ ૧૦૦૦ માણસો સાથે હતા. ઉહદ મુકામે દુશ્મન સમીપે પહોંચ્યા તો અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક એના ૩૦૦ માણસો સાથે એમ કહીને પાછો વળી ગયો કે અમારી વાત માની નહીં, અને સામે આટલું મોટું લશ્કર છે, એટલે આ કંઈ લડાઈ નથી, આ તો જાણી જોઈને મરવા જેવું છે. અમે તમારો સાથ નથી આપી શકતા. હવે ૭૦૦ માણસો રહી ગયા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લડાઈના મેદાનનું નિરીક્ષણ કરીને લશ્કરની વિવિધ ટુકડીઓ પાડીને એમને અલગ અલગ મોરચાની જવાબદારી સોંપી. હઝરત મુસ્અબ બિન ઉમૈર રદિ.ને ઝંડો આપ્યો. હઝ. ઝુબૈર બિન અવામ રદિ.ને એક ટુકડીના સરદાર બનાવ્યા. એક ટુકડીના સરદાર હઝ. હમ્ઝહ રદિ.ને નિયુકત કર્યા. પહાડ પાછળથી શત્રુ આવી ચડવાની શકયતા હતી તો એમને રોકવા ૫૦ તીરંદાઝોની ટુકડી હઝ. અબ્દુલ્લાહ બિન જુબૈર રદિ.ની આગેવાનીમાં ત્યાં ગોઠવી દીધી અને તાકીદ કરી કે લડાઈ ખતમ થઈ જાય તો પણ તમારે ત્યાંથી હટવાનું નથી.

આયતના આરંભે સવારે ઘરેથી નીકળવા અને લડાઈના મોરચે મુસલમાનોને ગોઠવવાની જે વાત અલ્લાહ તઆલાએ ફરમાવી છે એની આ વિગત હતી.

આ ટાણે મુસલમાનોની ઓછી સંખ્યા અને યુદ્ધ સામગ્રીમાં ખાલી હાથ હોવાથી મુસલમાનોની બે જમાઅતો, ઔસ કબીલના બનૂહારિષહ ખાનદાનના લોકો અને ખઝરજ કબીલાના બનૂ સલ્મહ કબીલાના લોકોના મનમાં આવ્યું કે આવી સ્થિતિમાં તો આપણી હાર નિશ્ચિત છે. આમ હાથે કરીને મરવા કરતાં આપણે પણ પાછા જતા રહેવું જોઈએ. પણ અલ્લાહ તઆલાએ

બુઝદિલીભર્યા આ વિચાર ઉપર અમલ કરવાથી બચાવી લીધા અને એમના દિલોમાં હિમ્મત – જુસ્સો ભરી દીધો. એમના વિશે અલ્લાહ તઆલાએ આગળ ફરમાવ્યું કે એમનો વિચાર ફસકી જવાનો હતો, પણ આમ ડરીને નાસીપાસ થવાનો શો અર્થ ? મોમિન માણસ તો અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખે છે, એ દુશ્મનના અસબાબ જોઈને નાસીપાસ નથી થતો.

મવ. દરયાબાદી રહ. લખે છે : મુસલમાનોની ઓછી સંખ્યા અને ઓછી સામગ્રી એટલે કે ઓછા જાહેરી – ભૌતિક અસબાબના કારણે એમને આવો વિચાર આવ્યો હતો, અને માનવીય સ્વભાવના કારણે આવો વિચાર આવે સ્વભાવિક છે, એનું કારણ એમના ઈમાનની કમઝોરી ન હતી. દીને ઈસ્લામની સચ્ચાઈમાં એમને કંઈ શક થઈ ગયો, એવું કંઈ ન હતું. મવ. દરયાબાદી રહ. એ અત્રે એક અંગ્રેજ ઈતિહાસકારનું કથન નકલ કર્યું છે કે સહાબા રદિ.એ આ વેળા વફાદારી અને બલિદાનની જે હિમ્મત દેખાડી, એવું તો હુમરની વાર્તાઓ – નોવેલથી પણ વધીને છે.

આયત નં ૧૨૩ માં બદરની લડાઈ વેળા અલ્લાહ તઆલા તરફથી કરવામાં આવેલ મદદનું દષ્ટાંત આપવામાં આવ્યું છે કે,

બદરની લડાઈ વેળા પણ અલ્લાહ તઆલાએ નિસહાય, ખાલી હાથ, અશકત મુસલમાનોની ભારે મદદ ફરમાવી હતી, એટલે ઉહદ વેળા મદદ ફરમાવે એ સ્પષ્ટ છે. માટે અલ્લાહ તઆલાનો ખોફ – તકવો અપનાવીને એની મદદનો શુક્ર અદા કરતા રહેવું જોઈએ.

પછી આયત ૧૨૪ માં પ્રથમ ત્રણ હઝાર ફરિશ્તાઓની મદદ મોકલવાનું અને પછી ૧૨૫ માં પાંચ હઝાર ફરિશ્તાઓ મોકલવાનું વર્ણન છે. એની વિગત આ છે કે, બદરની લડાઈ વેળા અલ્લાહ તઆલાએ મુસલમાનોને પ્રથમ ૧૦૦ ફરિશ્તાઓની મદદનો વાયદો ફરમાવ્યો હતો. એનું વર્ણન સૂરએ અન્ફાલમાં છે. દુશ્મનોની સંખ્યા એક હઝાર હતી, એટલે એ મુજબ ૧૦૦૦ ફરિશ્તાઓની મદદનો વાયદો હતો. પછી મુસલમાનોની પરેશાની દૂર કરવા અલ્લાહ તઆલાએ આ સંખ્યા ત્રણ ગણી કરી દીધી. એટલે કે દુશ્મનોની સંખ્યા મુસલમાનો કરતાં ત્રણ ગણી હતી તો અલ્લાહ તઆલાએ મુસલમાનોની મદદ કરીને ફરિશ્તાઓની સંખ્યા દુશ્મનો કરતાં ત્રણ ગણી કરી દીધી એટલે સંખ્યાબળનું પાસું અવળું મુસલમાનો તરફી થઈ ગયું. ત્યાર પછી અચાનક

સમાચાર આવ્યા કે કુર્ઝ બિન જાબિર નામનો સરદાર મોટી સંખ્યામાં માણસો લઈને દુશ્મનોની મદદે આવી રહયો છે, તો મુસલમાનોને ચિંતા વધી ગઈ, આ વેળા અલ્લાહ તઆલાએ મુસલમોને સંતોષ આપવા વાયદો ફરમાવ્યો કે જો તે દુશ્મન આવી પડશે તો અમે પાંચ હઝાર ફરિશ્તાઓ તમારી મદદ માટે મોકલીશું. શરત એટલી કે તમારે દઢતા પુર્વક સબ્ર અને તકવાની રાહ ઉપર ચાલવાનું છે. ઉલમા કિરામ દરમિયાન પાંચ હઝાર ફરિશ્તાઓની મદદના આ ત્રીજા વાયદા વિશે મતભેદ છે કે એ પૂરો થયો છે કે નહીં ? કેમ કે આ વાયદો એ શરતે હતો કે દુશ્મનની વધારેની મદદ એકદમ ચડી આવે તો પાંચ હઝાર ફરિશ્તાઓ મોકલવામાં આવશે. અુમક ઉલમા કહે છે કે અલ્લાહ તઆલાએ પાંચ હઝાર ફરિશ્તાઓ મોકલીને આ વાયદો પણ પૂરો ફરમાવ્યો હતો.

તફસીરકારો દરમિયાન આ બાબતે પણ મતભેદ છે કે જે ફરિશ્તાઓ અલ્લાહ તઆલાએ મોકલ્યા હતા, એ સીધી રીતે લડાઈમાં પણ શામેલ થયા હતા કે પછી ફકત દુઆ – તસ્બીહ અને પીઠબળ આપવા માટે જ હતા ? તફસીરે કુરતુબીમાં હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. અને મુજાહિદ રહ.નું કથન છે કે બદરની લડાઈમાં ફરિશ્તાઓ સીધી રીતે લડાઈમાં શામેલ હતા. જયારે કે બીજા મુફસ્સિરીન કહે છે કે ફરિશ્તાઓ ઉતારવાનો મકસદ મુસલમાનોને પીઠબળ આપવાનો હતો. દુઆ અને તસ્બીહ કરવાનો હતો. દુશ્મન સામે મુસલમાનોની સંખ્યા વધારે દેખાડવાનો હતો. સીધી રીતે ફરિશ્તાઓ લડાઈમાં શરીક થયા નથી.

આ ઘટનાને યાદ અપાવીને અલ્લાહ તઆલા ફરમાવે છે કે હે નબી ! યાદ કરો, જયારે તમે મુસલમાનોને કહી રહયા હતા કે તમે ધીરજ રાખો, ભરોસો રાખો, હિમ્મત રાખો. અડગ રહો. તમારી સંખ્યા ભલે ઓછી છે, પણ અલ્લાહ તઆલાએ તમારી મદદ હેતુ ૩૦૦૦ ફરિશ્તાઓ મોકલ્યા છે એ કાફી નથી ?

પછી આયત નં ૧૨૬ – ૧૨૭ માં ફરિશ્તાઓની મદદ મોકલીને મુસલમાનોની જીત નિશ્ચિત કરવાના બે મુખ્ય મકસદ અલ્લાહ તઆલાએ વર્ણવ્યા છે. એક મકસદ મુસલમાનો તરફે આ છે કે મુસલમાનોને આ મદદ થકી પીઠબળ મળે, તેઓ ખુશ થાય, અને તેઓને યકીન આવે કે અલ્લાહની મદદ આવે છે અને સાચી મદદ એની જ હોય છે. દુનિયાના મદદગારો ઘણીવાર દગો દઈ જાય છે જેમ કે મુનાફિકોનો સમુહ છેલ્લી ક્ષણે દગો આપીને

સાથ છોડીને જતો રહયો હતો.

બીજો મકસદ શત્રુ પક્ષે આ હતો કે આ મદદ થકી મુસલમાનોને જીતાડયા અને દુશ્મનોની એક માત્રાને ખતમ કરી દીધી એટલે કે કતલ કરી દીધી, જેથી એમનો રંજાડ અને તકલીફો સદાને માટે ખતમ થઈ જાય, અમુક દુશ્મનોને હરાવીને જીવતા રાખ્યા, જેથી તેઓ રુસ્વા અને અપમાન ભોગવે અને હારેલા વીલા મોઢે મક્કા પાછા ફરે.

આયત નં : ૧૨૮ – ૧૨૯ વિશે અમુક તફસીરકારો કહે છે કે ઉહદની લડાઈમાં જે લોકોએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઝખ્મી કર્યા હતા એમના વિશે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બદદુઆ ફરમાવી, એના વિશે આ આયતો નાઝિલ થઈ, એક રિવાયતમાં છે કે રઅલ અને ઝકવાન કબીલાના લોકોએ ધોકો કરીને ૭૦ સહાબાને એક સાથે શહીદ કરી દીધા, ત્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમના વિશે બદદુઆ ફરમાવી, એના વિશે આ આયતો નાઝિલ થઈ. અને મુસ્નદે ઈમામ અહમદ રહ. અને ઈમામ બુખારી રહ.ની રિવાયતમાં છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સવારની નમાઝમાં રુકુઅ પછી કોમામાં ઉભા રહીને બીજી રકાતમાં આ દુઆ ફરમાવતા કે, હે અલ્લાહ ! સફવાન બિન ઉમય્યહ ઉપર લઅનત ફરમાવ. સુહૈલ બિન અમ્ર ઉપર લઅનત ફરમાવ. હારિષ બિન હિશામ ઉપર લઅનત ફરમાવ. આમ કુરેશના અમુક સરદારોના અલગ અલગ નામ લઈને લઅનતની બદદુઆ ફરમાવતા હતા. ઈબ્ને હજર અસ્કલાની રહ. આ બધી રિવાયતોને સામે રાખીને ફરમાવે છે કે આ બધી ઘટનાઓ ઉહદની આસપાસની જ છે, એટલે શકય છે કે આ બધી ઘટનાઓના સંદર્ભે આ આયતો નાઝિલ થઈ હોય..

આ આયતોમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ટકોર કરવામાં આવી કે તમારે આમ બદદુઆ કરવાની કોઈ જરૂરત નથી. તમને આવો અધિકાર નથી. અલ્લાહ તઆલા ચાહે તો એમને માફ કરે, ચાહે તો એમને અઝાબ આપે. આસમાન અને જમીનની બધી જ શકિતઓનો તે માલિક છે, માફી અને બખ્શિશનો અધિકાર પણ એને છે અને અઝાબની ઈખ્તેયાર પણ એની પાસે જ છે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

*અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૩૮

## ઈદની નમાઝના સમય

(٢٥٧) عَنْ يَزِيْدَ بْنِ خُمَيْرٍ الرَّحْبِيِّ قَالَ خَرَجَ عَبْدُ اللّٰهِ بْنِ بُسْرٍ صَاحِبُ رَسُوْلِ اللّٰهِ ﷺ مَعَ النَّاسِ فِى يَوْمِ عِيْدِ فِطْرٍ اَوْ اَضْحٰى فَاَنْكَرَ اِبْطَاءَ الْاِمَامِ فَقَالَ اِنَّا كُنَّا قَدْ فَرَغْنَا سَاعَتَنَا هٰذِهٖ وَذَالِكَ حِيْنَ التَّسْبِيْحِ (رواه ابوداؤد)

તરજુમોઃ– હઝરત યઝીદ ખુમૈર તાબિઈથી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના એક સહાબી અબ્દુલ્લાહ બિન બુશ્ર (રદિ.) ઈદુલફિત્ર અથવા ઈદુલઅદહાના દિવસે ઈદની નમાઝ પઢવા માટે લોકો સાથે ઈદગાહ પધાર્યા, (ઈમામને આવતાં વાર લાગી)તો તેમણે ઈમામનું મોડુ આવવાની બુરાઈ કરી અને ફરમાવ્યું કે અત્યારે તો અમે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે નમાઝ પઢી પરવારી જતા હતા. (રાવી કહે છે) અને એ નફિલો પઢવાનો સમય હતો, (નફિલોથી મતલબ કદાચ ચાશ્તની નફિલો હતી.)

ખુલાસો :– અબ્દુલ્લાહ બિન બુશ્ર સહાબી (રદિ.) એ સિરયામાં વસવાટ કર્યો હતો, અને ત્યાં જ હિજરી સન ૮૮માં હિમ્સમાં મૃત્યુ પામ્યા, લગભગ આ બનાવ ત્યાંનો જ છે, કે ઈદમાં ઈમામના મોડા આવવાને બુરૂ માન્યુ, અને બતાવ્યું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સમયમાં અમે લોકો ઈદની નમાઝ જલ્દી પઢી પરવારી જતા હતા, રસુલુલ્લાહ સલ.ની ઈદુલફિત્ર અને ઈદુલઅદહાની નમાઝોના સમય વિષે સૌથી વધુ સચોટ હદીષ તે છે જે હાફિઝ ઈબ્ને હજરે ''તલ્ખીસુ લ્હબીર'' માં અહમદ બિન હસન

બન્નાઅની કિતાબ''અલઅદાહી''ના હવાલાથી રસુલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સહાબી હઝરત ઝૂમ્દુબ (રદિ.)ની રિવાયતના શબ્દો સાથે લખી છે.

''كَانَ النَّبِیُّ ﷺ يُصَلِّی بِنَا يَوْمَ الْفِطْرِ وَالشَّمْسُ عَلٰی قِيْدِ رُمُحَيْنِ وَالْاَضْحٰی عَلٰی قِيْدِ رُمُحٍ''

અર્થાત :– રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈદુલ ફિત્રની નમાઝ અમને એવા સમયે પઢાવતા હતા કે સુર્ય બે ભાલા બરાબર ઉંચો થઈ જતો હતો, અને ઈદુઅદહાની નમાઝ એક ભાલા બરાબર સુર્ય ઉંચો ચઢી જતો ત્યારે પઢાવતા હતા.) આપણા સમયમાં ઘણી જગ્યાઓએ ઈદોની નમાઝ ઘણી જ મોડેથી પઢવામાં આવે છે. તે ખરેખર સુન્નત વિરૂધ્ધ છે.

(٢٥٨) عَنْ اَبِی عُمَيْرِ بْنِ اَنَسٍؓ عَنْ عُمُوْمَةٍ لَهٗ مِنْ اَصْحَابِ النَّبِیِّ ﷺ اَنَّ رَكْبًا جَاؤُ اِلَی النَّبِیِّ ﷺ يَشْهَدُوْنَ اَنَّهُمْ رَأَوُالْهِلَالَ بِالْاَمْسِ فَاَمَرَهُمْ اَنْ يُفْطِرُوْا وَاِذَا اَصْبَحُوْا اَنْ يَغْدُوْا اِلٰی مُصَلَّاهُمْ۔ (رواه ابوداؤد والنّسائی)

તરજુમોઃ– હઝરત અનસ (રદિ.)ના પુત્ર અબૂ ઉમૈર (રદિ.)થી રિવાયત છે કે તેમના ઘણા કાકાઓથી નકલ કરે છે કે જેઓ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સહાબામાંથી હતા, કે એક વાર એક કાફલો (બહારથી) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)પાસે આવ્યો, અને તેમણે શાક્ષી આપી કે કાલે (રસ્તામાં) તેમણે ચાંદ જોયો છે. તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમને હુકમ આપ્યો કે રોઝો ખોલી નાંખે અને આવતી કાલે સવારમાં ઈદની નમાઝ પઢવા માટે ઈદગાહમાં પહોંચી જાય. (અબૂ દાઉદ, નસાઈ)

ખુલાસો :– મતલબ એ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના યુગમાં એકવાર રમઝાનની ઓગણત્રીસ તારીખે ચાંદ ન દેખાયો, તો કાયદા મુજબ બીજા દિવસ લોકોએ રોઝો રાખ્યો, પરંતુ દિવસમાં જ કોઈ સમય પર બહારથી કોઈ કાફલો મદીના પહોંચ્યો, અને તેમણે ગવાહી આપી કે અમે કાલે સાંજે ચાંદ જોયો હતો, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તે લોકોની ગવાહી કબૂલ ફરમાવી લોકોને રોઝો ખોલવાનો હુકમ

ફરમાવ્યો, અને ઈદની નમાઝ માટે ફરમાવ્યું કે કાલે સવારે પઢવામાં આવશે.

જોવા જતાં આ કાફલો દિવસે મોડેથી મદીના પહોંચ્યો હતો, અને નમાઝનો સમય નિકળી ગયો હતો, શરીઅતનો મસ્અલો પણ એ જ છે કે જો ચાંદ જોવાની ખબર એવા સમયે પડે કે ઈદની નમાઝ તેના સમયમાં પઢી ન શકાય તો બીજા દિવસે સવારમાં જ પઢવામાં આવશે.

## બંને ઈદોની નમાઝમાં કિરાઅત

(٢٥٩) عَنْ عُبَيْدِ اللّٰهِ اَنَّ عُمَرَبْنِ الْخَطَّابِ رض سَأَلَ اَبَا وَاقِدٍ اللَّيْثِيَّ مَاكَانَ يَقْرَءُ بِهٖ رَسُوْلُ اللّٰهِ ﷺ فِى الْاَضْحٰى وَالْفِطْرِ فَقَالَ يَقْرَأُ فِيْهِمَا بِقٓ وَالْقُرْآنِ الْمَجِيْدِ وَاقْتَرَبَتِ السَّاعَةُ۔ (رواه مسلم)

તરજુમો:– હઝરત ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ તાબિઈથી રિવાયત છે કે હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.)એ અબૂ દાઉદ લૈસીને પુછયું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈદુલઅદહા અને ઈદુલફિત્રની નમાઝમાં કઈ સૂરતો પઢતા હતા ? તેમણે ફરમાવ્યું " قٓ والقرآن المجید اور اقتربت الساعة " (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– આ વાત સમઝથી બહાર છે કે હઝરત ઉમર (રદિ.)ને ઈદોમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની કિરાઅત વિષે યાદ ન રહ્યું હોય, જેથી તેમણે અબૂ વાકિદ લૈસીને પુછયું ! અસલમાં હઝરત ઉમર (રદિ.)નો આ સવાલ તો અબૂ વાકિદ લૈસીના જ્ઞાન અને યાદશકિતની પરીક્ષા માટે હતો અને વધુ તસલ્લી માટે હતો.

(٢٦٠) عَنِ النُّعْمَانِ بْنِ بَشِيْرٍ رض قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَقْرَءُ فِى الْعِيْدَيْنِ وَفِى الْجُمُعَةِ "بِسَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى" وَ "هَلْ اَتَاكَ حَدِيْثُ الْغَاشِيَةِ" قَالَ وَاِذَا اجْتَمَعَ الْعِيْدُ وَالْجُمُعَةُ فِى يَوْمٍ وَاحِدٍ قَرَأَبِهِمَا فِى الصَّلٰوتَيْنِ۔ (مسلم)

તરજુમો:– હઝરત નોઅમાન બિન બશીર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈદો અને જુમ્આની નમાઝમાં " سورۂ قٓ " અને " سورۂ قمر " પઢયા કરતા હતા. અને જયારે (સંજોગવસાત) ઈદ અને જુમ્આ એક જ દિવસે હોય તો પણ બંને નમાઝોમાં એ જ બંને સૂરતો પઢતા હતા. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– અબૂ વાકિદ લૈસી અને નોઅમાન બિન બશીર (રદિ.)ના બયાનોમાં કોઈ વિરોધ નથી, ઈદોની નમાઝમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) કોઈવાર સૂરએ કાફ અને સૂરએ કમર પઢતા હતા, અને કોઈ વાર સૂરએ આ'લા અને સૂરએ ગાશીયહ પઢતા હતા.

## વરસાદના કારણે ઈદની નમાઝ મસ્જિદમાં

(٢٦١) عَنْ اَبِى هُرَيْرَةَ اَنَّهٗ اَصَابَهُمْ مَطَرٌ فِى يَوْمِ عِيْدٍ فَصَلّٰى بِهِمِ النَّبِىُّ ﷺ صَلٰوةَ الْعِيْدِ فِى الْمَسْجِدِ۔ (رواه ابوداؤد وابن ماجة)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે એકવાર ઈદના દિવસે વરસાદ થયો તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ અમને ઈદની નમાઝ મસ્જિદમાં પઢાવી.

ખુલાસો :– ઈદોમાં "ઉમ્મતે મુસ્લિમા"નો તહેવાર અને દીની સંમેલન હોવાની જે શાન છે. તે જોતાં દુનિયાની કોમોના મેળાઓ અને સંમેલનો માફક આપણી ઈદોનું સંમેલન પણ ખુલ્લા મેદાનમાં હોવું જોઈએ. જેમકે ઉપર જણાયુ તેમ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો રિવાજ પણ એ જ હતો અને એ જ દરેક હાલતમાં સુન્નત છે. પરંતુ અબૂ હુરૈરહ (રદિ.)ની હદીષથી જાણવા મળયું કે જો વરસાદ વગેરે કોઈ એવું કારણ હોય તો ઈદની નમાઝો મસ્જિદમાં પણ પઢી શકાય છે.

## ઈદોના દિવસે ખાવું નમાઝ પહેલાં કે નમાઝ પછી ?

(٢٦٢) عَنْ بُرَيْدَةَ قَالَ كَانَ النَّبِىُّ ﷺ لَايَخْرُجُ يَوْمَ الْفِطْرِ حَتّٰى يَطْعَمَ وَلَا يَطْعَمُ يَوْمَ الْاَضْحٰى حَتّٰى يُصَلِّىَ۔ (رواه الترمذى وابن ماجة والدارمى)

તરજુમોઃ– હઝરત બુરેદહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો રિવાજ હતો કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈદુલફિત્રની નમાઝ માટે કંઈ ખાયને જતા હતા, અને ઈદુલઅદહાના દિવસે નમાઝ પઢતા સુધી કંઈ ખાતા ન હતા. (તિર્મિઝી, ઈબ્ને માજા, દારમી)

ખુલાસો :– સહીહ બુખારીમાં હઝરત અનસ (રદિ.)ની રિવાયતથી પણ સાબિત છે કે ઈદુલફિત્રના દિવસે નમાઝમાં જતાં પહેલાં આપ (સલ્લલ્લાહુ

અલયહી વસલ્લમ) થોડી ખજૂર ખાતા હતા. અને તે એકી સંખ્યામાં ખાતા હતા.

ઈદુલઅદહાના દિવસે નમાઝ પછી ખાવાનું કારણ કદાચ એ હશે કે તે દિવસે સૌથી પ્રથમ કુર્બાનીનો ગોશ્ત મોઢામાં જાય, જે એક પ્રકારની અલ્લાહની મહેમાની છે. અને ઈદુલફિત્રમાં વહેલી સવારે નમાઝ પહેલાં ખાવું કદાચ એટલા માટે હશે કે જે ખુદાના હુકમથી રમઝાનના આખા માસમાં દિવસે ખાવું પીવું બિલ્કુલ બંધ રહ્યું આજે જયારે તેના તરફથી દિવસમાં ખાવા પીવાની છુટ મળી, અને તેમાં જ તેની ખુશી જણાય છે તો તાલીબ અને મોહતાજ બંદા માફક સવારમાં જ તેની નેઅમતોથી મઝા માણવા માડે, બંદગીનું સ્થાન એ જ છે.

گر طمع خواہد زمن سُلطان دیں
خاک بر فرق قناعت بعد ازیں

***ઈદગાહ આવવા જવામાં રસ્તો બદલવો***

(٢٦٣) عَنْ جَابِرٍؓ قَالَ كَانَ النَّبِيُّ ﷺ اِذَا كَانَ يَوْمُ عِيْدٍ خَالَفَ الطَّرِيْقَ

(رواہ البخاری)

તરજુમોઃ– હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ઈદના દિવસે રસ્તો બદલી નાંખતા હતા. (બુખારી શરીફ)

ખુલાસો :– મતલબ એ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈદની નમાઝ માટે જે રસ્તે ઈદગાહ પધારતા હતા, પાછા ફરતાં તેને છોડી બીજા રસ્તે પધારતા હતા. આલિમોએ એની વિવિધ હિકમત બયાન કરી છે. મુજ નાચીઝ સામે વધુ સુઘડ એ છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આવું એટલા માટે કરતા હતા કે એનાથી ઈસ્લામની નિશાની અને મુસલમાનોની એકત્રતા તેમ દબદબો વધુમાં વધુ દેખાય, બીજુ ઈદમાં મોજ શોખ અને ફરવાની પણ એક રીત છે એટલે પણ એ વધુ યોગ્ય છે કે વિવિધ રસ્તાઓ અને વસ્તીના જુદા જુદા ભાગોમાંથી પસાર થવું જોઈએ.

---

## પરિવર્તનની તક મળે તો ઝડપી લ્યો...

અઢારમી સદીમાં ભારત ઉપર સ્થાપાયેલ અંગ્રેજ શાસન માટે લોર્ડ રોબર્ટ કલાઈલ (૧૭૨૫ – ૧૭૭૪)નો મોટો ફાળો છે. ૧૭૪૩ માં એ ૧૮ વરસની ઉમરે ઈસ્ટ ઈન્ડીયા કંપનીમાં કલર્ક બનીને મદ્રાસ આવ્યો હતો. વાર્ષિક પાંચ પાઉન્ડ એનો પગાર હતો. આ પગાર એના ખર્ચ પ્રમાણે ઘણો જ ઓછો હતો, પરિણામે એ ઉધારી અને કરજના બોજ તળે દબાય રહયો હતો. નિરાશા અને તણાવમાં એ સહકર્મચારીઓ અને અફસરો સાથે ઝઘડો પણ કરતો હતો.

પછી અચાનક ઘટનાએ એના જીવનનું પાસું પલટી દીધું.

એણે આત્મ હત્યા કરવાનું નક્કી કર્યુ અને એક દિવસ ભરેલી પિસ્તોલ લઈને પોતે જ લમણે મુકીને ટ્રીગર દબાવી દીધી. પણ ગોળી નીકળી નહીં, અને એ બચી ગયો. એને ઘણી નવાઈ લાગી. એણે પિસ્તોલ ખોલીને જોયું તો ગોળીઓ ભરેલી હતી. અને પોતાના ઈરાદાને પૂરો અને પોતાની જ હત્ય કરવા એણે ખાતરી પૂર્વકના પૂરા પ્રયત્નો કરી લીધા હતા. અને આમ છતાં બચી જવાના કારણે એ આશ્ચર્યમાં ગરકાવ હતો.

આ ઘટનાનું પરિણામ જોઈને એના દિમાગમાં એક નવો વિચાર સ્ફૂર્યો. એણે મનોમન પોતાને કહયું કે, ખુદાએ તને સાચે જ કોઈ મોટા કામ માટે બચાવ્યો છે, અને તારે એના માટે પ્રયત્નો કરવા જ રહયા. અંતે એણે કલર્કની નોકરી છોડી અને સેનામાં ભરતી થઈ ગયો.

એ વેળા અંગ્રેજો અને ફ્રાંસ, બંને ભારતમાં પોતાનો અડ્ડો જમાવવાની ફિરાકમાં હતા. અને બંને

પરસ્પર લડી રહયા હતા. આ લડાઈમાં રોબર્ટ કલાઈવે અસામાન્ય બહાદૂરી દેખાડી, આમ એની પ્રગતિનો રસ્તો ખુલી ગયો અને છેલ્લે એને અંગ્રેજ સૈન્યમાં કમાન્ડર ઈન ચીફનો હોદો આપવામાં આવ્યો.

જે કલાઈવ નિરાશ થઈને પોતાના હાથે પિસ્તોલ ચલાવીને પોતાને જ મારવાનો હતો, એને પાછળથી આ બહુમાન મળ્યું કે બ્રિટનના ઈતિહાસમાં એ ભારતનો સહુપ્રથમ વિજેતા ગણવામાં આવ્યો.

આપણામાંથી દરેક સાથે આવી કોઈને કોઈ ઘટના બને છે, માણસ કોઈ મોટા ખતરામાં આવી પડે છે, પછી ચમત્કારિક રીતે બચી જાય છે, છૂટી જાય છે, પણ એવા લોકો ઘણા ઓછો હોય છે જે આવી ઘટનાઓ પછી લોર્ડ કલાઈવની જેમ બોધ લેતા હોય, જીવનને બીજા રસ્તે વાળીને અસફળતામાંથી સફળતાની રાહ શોધી લેતા હોય. પોતાની સાથે કુરદત – તકદીરની મહરેબાનીનો ઈશારો સમજીને કંઈ કરી છુટવાની નવી ઈચ્છાશકિત અને હિમ્મત ભેગી કરતા હોય.

અલ્લાહ તઆલા દરેકને કંઈ કરવાની જવાબદારી સોંપી હોય છે અને એ માટેના સંજોગો પણ ઉપલબ્ધ કરાવતા હોય છે. રાત પછી સવારે ઉઠવાનું જે માણસને નસીબ થાય એણે સમજી લેવું જોઈએ કે અલ્લાહ તઆલા પાસે તમારા અમલ – કાર્યનો સમય બાકી છે, એટલે આજનો દિવસ એણે તમને આપ્યો છે. રોજ બનતા અકસ્માતો અને મોટી હોનારતોમાંથી તમે બચી જાઓ છો એનો મતલબ આ જ છે કે અલ્લાહ તઆલા તમારી પાસેથી કંઈ એવું કામ લેવા માંગે છે જે હજુ સુધી બાકી છે...

# હદીસ શરીફમાં "મંઝિલ"ની ફઝીલત

જાદૂ, જિન્નાત, આસેબ વગેરે છુપી તકલીફોથી બચવા ખાતર અનેક વઝીફાઓ બુઝુર્ગોએ દર્શાવ્યા છે. ઘણી બધી કુરઆની આયતો ઉપરાંત હદીસ શરીફમાં પણ હિફાઝત માટેની અનેક દુઆઓ વર્ણવવામાં આવી છે. આ બધી દુઆઓ અને વઝીફાઓમાં 'મંઝિલ'ના નામે ઓળખાતો એક ખાસ વઝીફો લોકોમાં ઘણો જ પ્રચલિત છે. બુઝુર્ગો પણ એના પઢવાની ઘણી તાકીદ ફરમાવે છે. અને લોકોને જાદૂ – આસેબ વગેરેથી હિફાઝતમાં આ વઝીફો ઘણો ફાયદો આપે છે, એ અનુભવ સિદ્ધ પણ છે.

આ વઝીફાની ખાસિયત આ છે કે, એમાં ફકત કુરઆની આયતો જ છે. કુરઆની આયતો સિવાય બીજી કોઈ દુઆ પણ એમાં નથી. આ આયતોની બરકતથી જ પરેશાની દૂર થઈ જાય છે.

હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી રહ.એ પોતાની કિતાબ અલ કવલુલ જમીલમાં અને હઝરત અકદસ મવલાના અશ્રફ અલી થાનવી રહ.એ બેહિશ્તી ઝેવરમાં આ વઝીફો વર્ણવ્યો છે.

અલકવલુલ જમીલમાં હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી રહ. લખે છે :

"આ ૩૩ આયતો છે, જે જાદૂના અસરને દૂર કરે છે. અને શયાતીન, ચોરો અને હિંસક જાનવરોથી બચાવે છે."

બેહિશ્તી ઝેવરમાં હઝ. થાનવી રહ. ફરમાવે છે :

"જો કોઈના ઉપર જિન – આસેબનો શક હોય તો નીચેની આયતો લખીને બીમારના ગળામાં લટકાવી દેવામાં આવે અને પાણી ઉપર દમ કરીને બીમાર ઉપર છાંટવામાં આવે. અને જો ઘરમાં કોઈ અસર હોય તો આ આયતો પાણી ઉપર પઢીને ઘરના ચારેવ ખુણામાં પાણી છાંટવામાં આવે."

અનેક લોકો તરફથી 'મંઝિલ' નામી આ વઝીફો અને કુરઆની આયતો છાપીને વહેંચવામાં આવે છે. અલબત્ત આ બધાની શરૂમાં એની ફઝીલત અને પુરાવા સ્વરૂપે ફકત હઝરત શાહ વલીયુલ્લાહ રહ. અને હઝરત

થાનવી રહ.ની વાત વર્ણવવામાં આવે છે. પણ મુળ રીતે કુરઆની આયતો પણ આધારિત આ વઝીફો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક સહાબની રદિ.ને શીખવાડયો હતો. હદીસ શરીફની અનેક કિતાબોમાં એનું વર્ણન છે.

અત્રે આ સંબંધી અમુક હદીસો વર્ણવવામાં આવે છે. જેથી લોકોને માલુમ પડે કે આ વઝીફો કેટલો મહત્વનો છે અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો શીખવાડેલ – બતાવેલ છે.

(૧) હઝ. અબ્દુર્રહમાન બિન અબી લયલા એમના વાલિદ અબૂ લયલા રદિ.થી રિવાયત કરે છે કે, હું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે બેસ્યો હતો, એવામાં એક ગામડિયો માણસ આવીને કહેવા લાગ્યો કે મારા એક ભાઈને સખત તકલીફ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે શી તકલીફ છે ? એણે કહયું કે એના ઉપર જિન – આસેબની અસર છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હુકમ ફરમાવ્યો કે એને મારી પાસે લઈ આવો. અબૂ લયલા રદિ. ફરમાવે છે કે તે એરાબી પોતાના ભાઈને લઈ આવ્યો અને આપ સલ. સામે બેસાડી દીધો. મેં સાંભળ્યું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કુરઆનની અમુક આયતો પઢીને એના ઉપર દમ કર્યો. તે આયતો આ છે : સૂરએ ફાતિહા. સૂ. બકરહની શરૂની ચાર આયતો. બે આયતો સૂ. બકરહની વચ્ચેથી એટલે કે وإلهكم إله واحد અને આયતુલ કુર્સી. ત્રણ આયતો સૂરએ બકરહના છેલ્લેથી. એક આયત સૂરએ આલે ઈમ્રાનની, મારા ખ્યાલ મુજબ شهد الله أنه لا إله إلا هو, એક આયત સૂ. અઅરાફની એટલે કે إن ربكم الله الذى, એક આયત સૂરએ મુઅમિનૂનની એટલે કે و من يدع مع الله إلهاً آخر, એક આયત સૂ. જિન્નમાંથી, એટલે કે وأنه تعالى جد ربنا, અને દસ આયતો સૂરએ સાફફાતના શરૂમાંથી, ત્રણ આયતો સૂરએ હશ્રના છેલ્લેથી, અને કુલ હુવલ્લાહ, કુલ અઉઝુબિરબ્બિલ ફલક, કુલ અઉઝુબિરબ્બિન્નાસ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દમ કર્યો તો એ માણસો સ્વસ્થ થઈને એવો ઉભો થયો, જાણે એને કોઈ તકલીફ જ ન હોય.(ઇબ્ને માજહ, ૩૫૪૯)

(૨) હઝ. અબ્દુર્રહમાન બિન અબી લયલા રહ. ફરમાવે છે કે મને હઝ. ઉબય બિન કઅબ રદિ.એ બતાવ્યું કે, હું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં બેસ્યો હતો, એવામાં એક ગામડિયો આવીને કહેવા લાગ્યો કે હે અલ્લાહના નબી ! મારો એક ભાઈ છે, એને ઘણી જ તકલીફ છે. આપ સલ.એ પૂછયું : શું તકલીફ છે ? એણે બતાવ્યું કે, આસેબની અસર છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, એને મારી પાસે લાવો. ગામડિયો એના ભાઈને લઈ આવ્યો અને આપ સલ. સામે બેસાડયો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એના ઉપર (નીચે મુજબની) અમુક આયતો પઢીને દમ કર્યો. સૂરએ ફાતિહા. સૂરએ બકરહની શરૂની ચાર આયતો. અને બે આયતો સૂરએ બકરહની વચ્ચેથી એટલે કે وإلهكم إله واحد અને આયતુલ કુર્સી. ત્રણ આયતો સૂ. બકરહના છેલ્લેથી. એક આયત સૂ. આલે ઈમ્રાનની, شهد الله أنه لا إله إلا هو, એક આયત સૂ. અઅરાફની : إن ربكم الله الذى, સૂ. મુઅમિનૂનની છેલ્લી આયત :فتعالى الله الملك الحق, એક આયત સૂરએ જિન્નમાંથી: وأنه تعالى جد ربنا, અને દસ આયતો સૂરએ સાફફાતના શરૂમાંથી, ત્રણ આયતો સૂરએ હશ્રના છેલ્લેથી, અને કુલ હુવલ્લાહ, કુલ અઉઝુબિરબ્બિલ ફલક, કુલ અઉઝુબિરબ્બિન્નાસ.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દમ કર્યો તો એ માણસો સ્વસ્થ થઈને એવો ઉભો થયો, જાણે એને કોઈ તકલીફ જ ન હોય.(મુસ્નદે અહમદ ૨૧૧૭૪)

હઝ. અલ્લામ ઈબ્ને સીરીન રહ. ફરમાવે છે કે એક વાર અમે તીરી નહેરના મુકામે પડાવ નાખ્યો તો ત્યાંના અમુક લોકો અમારી પાસે આવીને કહેવા લાગ્યા કે તમે અહિંયાથી ચાલ્યા જાઓ, કેમ કે અહિંયા અમારી પાસે જે કોઈ રોકાય છે એનો સામાન લૂટાય જાય છે. આ સાંભળીને મારા સાથીઓ આગળ ચાલ્યા ગયા, પણ હું રોકાય ગયો. કેમ કે મને તે હદીસ યાદ હતી, જે મને હઝ. ઈબ્ને ઉમર રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હવાલાથી વર્ણવી હતી કે આપ સલ.એ ફરમાવ્યું : જે માણસ રાત્રે ૩૩ આયતો પઢી લે તો એને કોઈ ઝેરીલું – હિંસક જાનવર, અચાનક

આવનાર ચોર, કોઈ પણ પ્રકારનું નુકસાન નહીં પહોંચાડી શકે અને સવાર સુધી એના માલ – પ્રાણ અને બાલ – બચ્ચાઓ આફિયતથી રહેશે. સાંજ પડી તો હું સૂતો નહીં, મેં જોયું કે અમુક લોકો ત્રીસથી વધારે, ખુલ્લી તલવારો લઈને મારા ઉપર આવી ચડયા. પણ મારા સુધી પહોંચી શકયા નહીં. સવારે હું ત્યાંથી રવાના થયો તો મને ત્યાંના લોકોમાંથી એક વૃદ્ધ માણસ મળ્યો અને પૂછવા લાગ્યો કે તમે માણસ છો કે જિન ? મેં કહયું કે માણસ છું. તે બોલ્યો કે આ શું બીના છે ? અમે તમારા ઉપર ૭૦ થી વધારે વાર હુમલો કર્યો પણ અમારા અને તમારા વચ્ચે લોઢાની એક દીવાર આડે આવી જતી હતી. મેં એ વૃદ્ધને તે હદીસ શરીફ (૩૩ આયતો વાળી) બતાવી. આ ૩૩ આયતો નીચે મુજબ છે : સૂરએ બકરહની ચાર આયતો مفلحون સુધી, આયતુલ કુર્સી અને એના પછીની બે આયતો خالدون સુધી. સૂરએ બકરહની છેલ્લી ત્રણ આયતો لله ما فى السماوات થી લઈને સૂરતના છેલ્લે સુધી. સૂરએ અઅરાફની ત્રણ આયતો إن ربكم الله الذى થી લઈને المحسنين સુધી. સૂરએ બની ઈસરાઈલની છેલ્લી આયતો قل ادعوا الله થી લઈને છેલ્લે સુધી. સૂરએ સાફ્ફાતની શરૂની દસ આયતો لازب સુધી. સૂ. રહમાનની બે આયતો يا معشر الجن والانس થી લઈને فلا تنتصران સુધી. સૂરએ હશ્રની છેલ્લી ત્રણ આયતો لو أنزلنا هذا القرآن થઈ લઈને સૂરતના છેલ્લે સુધી. સૂરએ જિનની બે આયતો قل أوحى إلى થી લઈને شططا સુધી.

અલ્લામહ ઈબ્ને સીરીન રહ. ફરમાવે છે કે મેં આ હદીસ શુઐબ બિન હર્બને બતાવી તો એમણે કહયું કે અમે આ આયતોને 'આયાતે હિર્ઝ' કહીએ છીએ. કહે છે કે એમાં સો બીમારીઓની શિફા છે. જેમાં પાગલપણું, કોઢ અને સફેદ દાગ જેવી બીમારીઓનું પણ નામ લીધું. મુહમ્મદ બિન અલી રહ. કહે છે કે મેં આ આયતો ખાનદાનના એક વૃદ્ધ ઉપર પઢીને દમ કરી, એમને લકવો મારી ગયો હતો. આ આયતોની બરકતથી અલ્લાહ તઆલાએ એમના લકવાને દૂર કરી દીધો. (દુર્રે મન્થૂરઃ ૧/૧૫૦)

# દીનને સરળ રાખો - દીનમાં ગુલૂ ન કરો અને બીજાઓને બેદીન ન સમજો

*હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ ● મુફતી ફરીદ અહમદ કાવી*

દીન અને ઈસ્લામ મુળભૂત રીતે દરેક બાબતે સરળ છે, પણ એને મુશ્કેલ બનાવી દેવામાં આવે છે. દીની પ્રગતિના બેશુમાર તરીકાઓને માણસે પોતે અપનાવેલ કોઈ એક તરીકામાં સિમિત કરી દેવામાં આવે છે અને બીજા બધા તરીકાઓને જાણે દીનથી બહાર કરાર દેવામાં આવે છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : દીન અત્યંત સરળ છે, અને જે કોઈ એને કડક – મુશ્કેલ કરશે એ પોતે હારી જશે અને પાછળ રહી જશે. માટે સીધા સીધા અને નજીક નજીક ચાલો અને લોકોને સારી – ખુશીની વાતો કહેતા રહો. (બુખારી શરીફ)

એક હદીસમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : સૂહલત પેદા કરો, મુશ્કેલીઓ ન સર્જો. લોકોને શાંતિ – સુકૂનમાં રાખો, ઉશ્કેરાટ – ગભરામણમાં ન નાખો. (દુર્રે મન્ષૂર)

બહજતુન્નુફૂસના લેખક લખે છે કે હઝરત અબૂ બક્ર સિદ્દીક રદિ.એ એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે આપને શું તાલીમ લઈને મોકલવામાં આવ્યા છે ? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબમાં ફરમાવ્યું : બુદ્ધિ – અકલ લઈને. એટલે કે સમજદારી અને અક્કલ સાથે દીન ઉપર અમલ કરવામાં આવે. આ જ અર્થની એક બીજી હદીસમાં છે કે કયામતના દિવસે અક્કલ – સમજ પ્રમાણે બદલો આપવામાં આવશે. (મજમઅ) હઝરત અબૂ બક્ર રદિ.એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! અમને અક્કલ કોણ આપશે ? તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : અક્કલની કોઈ હદ

નથી. પણ આટલી સમજ જે કોઈ બતાવે કે અલ્લાહની હરામ ઠેરવેલી વસ્તુઓને હરામ સમજે અને હલાલ કરેલ વસ્તુઓને હલાલ સમજે તો એ અકલમંદ છે. અને પછી જે કોઈ અમલ કરવાની મહેનત કરે એ 'આબિદ' છે. અને જે કોઈ ઘણી વધારે મહેનત કરે એ 'જવાદ' એટલે કે બહાદુર છે.

માટે કોઈ માણસ ઘણી બધી ઈબાદતો કરતો હોય, હિમ્મત – બહાદૂરીથી નેક કામો કરતો હોય પણ એની પાસે એટલી સમજ ન હોય જે એને અલ્લાહની હલાલ વસ્તુઓ ઉપર ચાલવા અને હરામ બાબતોથી બચવાની રાહબરી કરે તો આવા લોકોની બધી મહેનત દુનિયા – આખિરતમાં બેકાર છે, ચાહે તેઓ એમ સમજતા હોય કે અમે નેક કામો કરીએ છીએ. માટે સારી રીતે સમજી લ્યો કે કોઈ પણ જાઈઝ – હલાલ બાબતને હરામ સમજવી દીની એતેબારથી નાદાની – બેવકૂફી છે. આ જ પ્રમાણે દીનના તરીકાઓમાં તંગી કરવી અથવા એમાં પોતાના તરફથી કોઈ સુધાર – ફેરબદલ કરવો અકલમંદીની વાત નથી.

બહજતુન્નુફૂસના લેખક કહે છે કે, આ જ પ્રમાણે કોઈ માણસ પોતાની ઝાત વિશે એમ ચાહે કે તે દરેક ઈબાદતોને દરેક રીતે પરિપૂર્ણ કરી દે એ બે રીતે હારી જશે, એક તો એ રીતે કે દરેક ઈબાદતને પરિપૂર્ણ રીતે અદા કરવામાં એ અસફળ – અસમર્થ રહેશે અને બીજું કારણ આ કે ઘણી વખત વિવિધ ઈબાદતો એકસાથે ભેગી કરવાની નોબત આવે છે, આવી સ્થિતિમાં માણસ કોઈ એક જ ઈબાદત કરી શકે છે, બીજી છોડવી પડે છે.

## દીનમાં ગુલૂ છોડવા અને સરળ રીત અપનાવવાનો હુકમ

બહજતુન્નુફૂસના લેખકે જે હદીસ શરીફના જે વાકયોનો અત્રે ઉલ્લેખ કર્યો છે, એ અનેક સહાબાએ રિવાયત કરી છે. અલ્લામહ સખાવી રહ.એ આ હદીસને 'મશ્હૂર' કહી છે. પરંતુ હદીસના વિદ્વાનોએ આ હદીસ વિશે ઝઈફ અને મોતબર હોવા – ન હોવા વિશે અલગ અલગ મત છે. પૂરી હદીસ શરીફઆ પ્રમાણે છે :

إن هذا الدين متين فأوغِلوا فيه فإن المنبت لا أرضا قطع و لا ظهراً أبقى

તરજમહ : આ દીન એક મજૂબત રાહ છે. એમાં નરમી સાથે ચાલો. એટલા માટે કે જે માણસ પોતાની સવારીને થકવી દે છે તે ન તો સફર પૂરી કરી શકે છે ન એની સવારી સલામત રહે છે કે બીજા કોઈ સમયે સફર કરી શકાય.

એટલે જ ઉપરની એક હદીસમાં શરીફમાં કહેવામાં આવ્યું છે કે સીધા અને ટુંકા પગલે ચાલો. એટલે કે મધ્યમ ચાલે આગળ વધો. નફલ – મુસ્તહબ કામોમાં એટલા મશ્ગૂલ ન થઈ જાઓ કે ફરજોમાં કોતાહી થવા લાગે. હઝરત ઉમર રદિ.એ એકવાર જોયું કે સવારની નમાઝમાં સુલૈમાન બિન અબૂ હષમહ રદિ. આવ્યા નથી. નમાઝ પછી પાછા વળતાં એમનું ઘર આવ્યું તો ત્યાં ગયા અને એમની વાલિદહને પૂછયું કે આજે સવારની નમાઝમાં સુલૈમાન દેખાયા નથી. એમની વાલિદહે બતાવ્યું કે આખી રાત નફલમાં મશ્ગૂલ હતા, એટલે સવારે આંખ ન ખૂલી શકી. હઝરત ઉમર રદિ.એ ફરમાવ્યું : આખી રાત ઈબાદત કરવા કરતાં ફજરની નમાઝ જમાઅત સાથે પઢવી મને વધારે પસંદ છે.

આખી રાતની ઈબાદત મહાન કામ છે. પરંતુ જમાઅત સાથે નમાઝ પઢવી એના કરતાં વધારે જરૂરી છે, એટલે હઝરત ઉમર રદિ.એ એને વધારે મહત્વ આપ્યું.

અનેક હદીસોમાં આ તાકીદ છે કે શરીઅતના હુકમોમાં દરેક વસ્તુનું એક સ્થાન છે, અને કોઈ પણ હુકમને એના દરજાથી વધારે ન ગણવામાં આવે, ન તો ઓછો ગણવામાં આવે.

## પોતાની પસંદના કામને જ 'દીન' સમજવો ખોટું છે.

ફકત એટલા માટે કે આપણે કોઈ એક કામમાં લાગેલા છીએ, અથવા કોઈ કામ આપણા મતે વધારે મહત્વનું છે, એટલે બીજી બધી ઈબાદતો ઉપર, બીજા બધા દીની કામો ઉપર પાણી ફેરવી દેવું મોટો ઝુલમ છે.

એવું નથી કે એ કામની તરગીબ, પ્રેરણા પણ ન આપવામાં આવે, અન્યોને એની દાવત પણ ન આપવામાં આવે, મકસદ આ છે કે એમાં એટલો ગુલૂ – અતિરેક પણ ન કરવામાં આવે કે હદથી આગળ વધી

જઈએ. પછી એના મુકાબલામાં કોઈ ફરજ, વાજિબનું પણ મહત્વ ન રહે, કોઈ માઝૂરી, મજબૂરી કે બહાનાને પણ અવકાશ ન રહે. જે લોકો એ કામમાં મશ્ગૂલ ન હોય તેઓને જહન્નમી કહી દેવામાં આવે. તેઓને બેદીન, કાફિર સમજવામાં આવે. ઘણી તકરીરો અને લખાણોમાં આવું જોવામાં આવે છે. વધારે નવાઈની વાત આ છે કે અમુક ઊંચા દરજાના અકાબિર અને જિમ્મેદાર હઝરાતના મોઢે પણ આવા શબ્દો નીકળી જાય છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જે કોઈ માણસ બીજા વ્યકિત વિશે એવી વાત ફેલાવે, જે એનામાં નથી તો અલ્લાહ તઆલા કયામતના દિવસે એને જહન્નમાં ઓગાળશે, અને એને ફરજ પાડશે કે તેં કહેલી વાત પૂરવાર કર. (દુર્રે મન્સૂર)

ઓગાળવાનો મતલબ આ છે કે જહન્નમની આગમાં નાખી દેશે, એનું શરીર લોહી, પરું બનીને ઓગળતું રહેશે, અને જયાં સુધી પોતાની કહેલી વાત પૂરવાર ન કરશે, ત્યાં સુધી એને બહાર નીકળવા નહીં દેવામાં આવે. સ્પષ્ટ છે કે એણે એવી વાત કહી હતી, જે બીજામાં હતી જ નહીં, એટલે કેવી રીતે પૂરવાર કરી શકે ? આવી સ્થિતિમાં એ જ માણસની મહેરબાનીની મોહતાજી પડશે, જેના વિશે ખોટો આરોપ ફેલાવ્યો હતો. કાં તે માફ કરે અથવા અલ્લાહ તઆલા પોતાની મહેરબાનીથી એને બદલો આપીને રાજી કરી દે અને પછી આ ગુનેગારને પણ માફ કરી દે. અથવા પોતાની નેકીઓ એને હવાલે કરો અને નેકીઓ ન હોય તો એના ગુનાહો પોતાના માથે લ્યો. આમાંથી જે સંજોગો પણ બને... એ વેળા કેટલો અફસોસ અને પસ્તાવો થશે. એટલે યાદ રાખો, આજે જેમને ભાંડવામાં આવે છે કાલે એમની સામે ઝલીલ – રુસ્વા થવું પડશે.

———————————————

# મજા તો તબ હે કે ગિરતોં કો થામ લે સાકી

હિજરી સન ૮ માં મુસલમાનો મદીના શરીફથી કુચ કરીને મક્કા પહોંચ્યા અને કોઈ પણ વિરોધ વગર મક્કા શરીફ મુસલમાનોના હાથમાં આવી ગયું. ત્યાંથી મદીના શરીફ પાછા ફરી રહયા હતા, એવામાં ખબર પડી કે હવાઝિન કબીલાનો સરદાર માલિક બિન ઓફ લગભગ ૨૫ હઝારનું લશ્કર લઈને મુસલમાનો સાથે લડવા નીકળ્યો છે. પરિપૂર્ણ તૈયારીના એક ભાગ સ્વરૂપે એણે હુકમ કર્યો કે કબીલાનો દરેક માણસ આ લડાઈમાં શરીક થાય અને બધા લોકો, એમના બીવા બચ્ચાઓ, માલ સામાન અને ઢોર – ઢાંખર લઈને લશ્કર સાથે ચાલે. જેથી બધા સૈનિકો મક્કમતાથી લડે અને પીઠ ફેરવીને નાસે નહીં. પૂરતી તૈયારીઓ ઉપરાંત આ ચાલ પણ માલિક બિન ઓફની બાહોશીનો પુરાવો છે.

મક્કાથી મુસલમાનો નીકળ્યા તો એમની સંખ્યા લગભગ બાર હઝાર હતી. અને ઘણા એવા હતા જે હજુ મક્કાની જીત વેળા નવા મુસલમાન બન્યા હતા. હુનૈન સ્થળે બન્ને લશ્કરો આમને સામને થયા તો શરૂમાં હવાઝિનનું પલ્લું ભારે થવા લાગ્યું. બાર હઝારના મોટા સંખ્યાબળથી આત્મવિશ્વાસમાં આવી ગયેલા મુસલમાનો અને નવા મુસલમાન બનેલા લોકો આમ તેમ નાસવા લાગ્યા. પરંતુ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મેદાનમાં દઢતાથી લડતા રહયા. પરિણામે મુસલમાનો પાછા ભેગા થઈ ગયા અને એવા લડયા કે લડાઈનું પાસુ પલટાય ગયું. મુસલમાનોની ભારે જીત થઈ. સામે પક્ષે લશ્કરના સરદાર માલિક બિન ઓફે નાસવું પડયું અને બનુષકીફ કબીલાના કિલ્લામાં સંતાયને પનાહ લીધી.

હવાઝિન કબીલાના અનેક લોકો એમના બાળ બચ્ચાઓ, સ્ત્રીઓ, બધાં જાનવરો સહિત મુસલમાનોના હાથે કેદ થયા. આ બધા કેદીઓ અને સ્ત્રીઓને એમના માલ – સામાન સહિત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે છોડી

મુકવાનો હુકમ કર્યો અને પૂછયું કે તમારા સરદાર માલિક બિન ઓફ કયાં છે ? એમણે જવાબ આપ્યો કે બનુષકીફના કિલ્લામાં સંતાઈને રહે છે. પોતાના કબીલાના લોકોનો પણ ડર લાગે છે, કારણ કે બધાને સાથે લઈને નીકળવાની એની ચાલ ઉલટી પડી હતી અને પોતાના ભવિષ્ય બાબતે ચિંતિત છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હવાઝિન કબીલાના લોકોને ફરમાવ્યું કે, માલિક બિન ઓફને સંદેશો પહોંચાડો કે, મુસલમાન બનીને મારી પાસે આવી જાય. એના બીવી બચ્ચાઓ અને માલ – સામાન બધું એને પાછું આપી દઈશ અને વધારાના સો ઊંટ પણ આપીશ.

એક કટ્ટર શત્રુ માટે આટલી બધી ઉદારતા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ અખ્લાક અને સદવર્તન જોતાં કોઈ નવાઈની વાત ન હતી. પણ અન્ય લોકો માટે વિશેષ કરીને માલિક બિન ઓફ માટે આ માનવામાં ન આવે એવી વાત હતી. ખાસ કરીને એટલા માટે કે હમણાં જ મુસલમાનોએ મક્કા જીત્યું હતું અને હવે અરબસ્તાનમાં એમને કોઈ રોકી શકે એમ ન હતું. આવો ભવ્ય વિજય મળ્યા પછી જે કોઈ વચ્ચે આવે એને કચડી નાખવામાં આવશે એવું લોકો વિચારતા હતા.

માલિક બિન ઓફને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો સંદેશ પહોંચ્યો તો એમાં જ ઉજળું ભવિષ્ય દેખાયું અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં હાજરી આપી. હવે તેઓ એક મુસલમાન ભાઈ હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વાયદા મુજબ એમને બધું જ પરત કરી દીધું અને એમની આશાથી ઘણું વધારે આપ્યું. બલકે એમને જ હવાઝિન કબીલાના સરદાર નિયુકત ફરમાવ્યા.

*નશા પિલા કે ગિરાના તો સબ કો આતા હે*
*મજા તો તબ હે કે ગિરતોં કો થામ લે સાકી*

---

# નિકાહ અને વડીલોની જવાબદારી

અ. મજીદ કોઠી

શરીઅત છોકરીઓના નિકાહ માટે તેના વડીલો અને વાલીઓને જવાબદાર ગણે છે અને તેમને આ બાબતે તાકીદ કરે છે કે તેઓ નિકાહ માટે અવરોધક ન બને; બલ્કે નિકાહને આસાન કરે અને છોકરીની બધી મસ્લિહતોને સામે રાખીને તેના માટે યોગ્ય છોકરો શોધે અને તેની મંજુરી પછી જ નિકાહ કરાવે.

આ સંબંધે હદીસ શરીફમાં એક ઘટના નકલ કરી છે કે હઝરત ઉમર (રદિ.)ની પુત્રી હઝરત હફસા (રદિ.) જયારે વિધવા બન્યા અને તેમના પહેલા પતિ હઝરત ખુનૈસ બિન હુઝાફા સહમી (રદિ.)ની વફાત થઈ તો હઝરત ઉમર (રદિ.)ને પોતાની પુત્રીની બીજી શાદીની ચિંતા થઈ, તેમને પોતાની જવાબદારીનો એહસાસ થયો અને પહેલાં હઝરત ઉસ્માન (રદિ.) પાસે ગયા અને પયગામ આપ્યો, હઝરત ઉસ્માન (રદિ.) એ વિચાર માટે મુદ્દત માંગી, થોડા દિવસ પછી મુલાકાત થઈ તો હઝરત ઉસ્માન (રદિ.)એ ખુશી સાથે મજબૂરી દર્શાવી દીધી. હઝરત ઉમર (રદિ.) ત્યાર બાદ હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.) પાસે ગયા, પયગામ આપ્યો, પરંતુ હઝરત અબૂ બક્ર ખામોશ રહયા, હઝરત ઉમર (રદિ.)નું બયાન છે કે મને હઝરત ઉસ્માન (રદિ.)થી વધારે ગુસ્સો હઝરત અબૂ બક્ર (રદિ.) પર આવ્યો . હઝરત ઉસ્માને (રદિ.)એ તો માફી માંગી લીધી, પરંતુ તેઓએ તો મને કોઈ જવાબ ન આપ્યો. (હકીકત એ છે કે હઝરત અબૂ બક્ર(રદિ.)ને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈરાદાની જાણ હતી, એટલા માટે મૌન રહયા.), ત્યાર બાદ થોડા દિવસો પછી આપ (સલ.)એ પયગામ મોકલ્યો. નિકાહ થયા અને હઝરત હફસા(રદિ.) ઉમ્મુલ મુઅમિનીન બની ગયા. (બુખારી શરીફ)

વાલીઓની જવાબદારી છે કે માત્ર પોતાની નાક ઊંચી રાખવા માટે અથવા ગેરતને કારણે યોગ્ય રિશ્તાને જતો ન કરે. જો છોકરી કોઈ રિશ્તા બાબતે રાજી હોય અને તે યોગ્ય પણ હોય તો વડીલોએ તેને સ્વીકારી લેવો

જોઈએ. હઝરત મઅકલ બિન યસાર (રદિ.) નું બયાન છે :

" મેં મારી બહેનના નિકાહ કરાવી દીધા, ત્યાર પછી પતિએ તેને તલાક આપી દીધી. ઈદ્દત પુરી થયા પછી તે જ વ્યકિત ફરી મારી બહેન માટે પયગામ લાવ્યા, મેં ધમકાવીને કાઢી મુકયા, મેં કહયું કે મેં મારી બહેનના નિકાહ તમારી સાથે કર્યા, વિદાય કરી, તમારી કિર્તી થઈ પરંતુ તમે કોઈ પરવા કર્યા વગર તલાક આપી દીધી, હું હવે બીજી વખત તમારા નિકાહમાં બિલ્કુલ નહીં આપું, અસલમાં તે વ્યકિત યોગ્ય અને લાયક હતો મારી બહેન પણ તેમનાથી બીજી વખત નિકાહ કરવા માંગતી હતી, તેથી કુર્આને કરીમમાં આયત ઉતરી....

وَاِذَاطَلَّقْتُمُ النِّسَاءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ فَلَاتَعْضُلُوْهُنَّ اَنْ يَّنْكِحْنَ اَزْوَاجَهُنَّ

اِذَاتَرَاضَوْ بَيْنَهُمْ بِالْمَعْرُوْفِ

અર્થ : અને જ્યારે તમે પોતાની સ્ત્રીઓને તલાક આપો, પછી તેણીઓ પોતાની ઈદ્દત પણ પૂરી કરી લે તો હવે તેણીઓને પોતાના (આગલા) ધણી સાથે નિકાહ કરવાથી અટકાવો નહિ, જ્યારે કે તેઓ પરસ્પર કાયદા મુજબ રાજી થઈ જાય. (સુરએ બકરહ : ૧૩૨)

જેથી મેં મારી બહેનના નિકાહ તેમની સાથે જ કરી દીધા.

(બુખારી શરીફ)

હઝરત ઈમામ ઈબ્ને તૈમિયા (રહ.) એ સ્પષ્ટ કર્યુ છે કે છોકરીઓનો યોગ્ય અને યોગ્ય સમયે રિશ્તો નકકી કરવો વડીલોની ફરજ છે. આ અમાનત છે તેને અદા કરવું જરૂરી છે. આ શરઈ દ્રષ્ટિએ ભલાઈ છે તેની રિઆયત જરૂરી છે, યોગ્ય રિશ્તાને ફગાવવો જુલ્મ અને ના–કદરી છે અને આ જાઈઝ નથી, વડીલો માટે જરૂરી છે કે તેઓ છોકરીની મસલિહતને ધ્યાનમાં રાખે, પોતાની ઈચ્છા અને લાલચને ધ્યાનમાં ન રાખે.

ટુંકમાં છોકરીઓ વિશેની જવાબદારી ઈસ્લામે વડીલોના માથે નાંખી છે. જો વડીલો સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરીને વિચારે તો સમાજના ઘણા પ્રશ્નો હલ થઈ જાય.

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## મસ્જિદની વકફ વસ્તુઓના ઉપયોગ બાબતે માર્ગદર્શન

સવાલઃ મસ્જિદ, મદરસામાં કોઈ વસ્તુ આપે, તો આપવા થી જ સવાબ મળશે કે પછી એ વસ્તુ મસ્જિદ મદ્રસામાં વાપરવાથી સવાબ મળશે ? આપનાર વસ્તુને વાપરવાનો આગ્રહ કરે તો મુતવલ્લી બંધનકર્તા રહેશે કે નહીં ? દા. ત. ચટાઈઓ આપે અને આગ્રહ કરે કે મારી ચટાઈઓ પાથરવી જ જોઈએ, મસ્જિદમાં બીજી ચટાઈઓ હોય અને આપનાર આગ્રહના કારણે તેની ચટાઈઓ પાથરે તો પહેલી ચટાઈઓનો સવાબ ચાલુ રહેશે કે બંધ થઈ જશે ? મુતવલ્લી ચટાઈ ઉપર બીજી ચટાઈ પાથરે તો બધી ચટાઈવાળાઓને સવાબ મળશે કે ઉપરની ચટાઈ વાળાને જ સવાબ મળશે ?

⇨ જો આપનાર એ શર્ત કરી આપે કે મારી ચટાઈઓ પાથરવાની હોય તો હું આપું તો સૂરતમાં કંઈ ફરક પડશે કે નહીં ?

⇨કોઈ વસ્તુ વકફ કરવા માંગે તો મુતવલ્લી કોઈ અગવડ કે વિના અગવડે લેવાની ના પાડી શકે છે કે નહીં ?

⇨મુતવલ્લીની જાણ બહાર કોઈ વસ્તુ મસ્જિદ–મદ્રસામાં મુકી જાય તો એ વકફમાં ગણાશે કે નહીં. જો વકફમાં ના ગણાય તો એ વસ્તુ બીજી વ્યકિતને કે બીજી જગ્યાએ મુતવલ્લી આપી શકે કે નહીં ? આવી બારોબાર આપેલ વસ્તુ વેચી એની ઉપજ મસ્જિદમાં લઈ શકાય કે નહીં ?

⇨કોઈ એવી વસ્તુ જેનાથી મસ્જિદમાં ખર્ચ પડતો હોય જેમકે, કુલર, ફ્રિજ, હિટર, એ.સી. વિગેરે વફક કરે તો લેવી ફર્ઝ થઈ પડશે કે અસ્વીકાર કરી શકાય ?

⇨ જરૂરત વિનાની જૂની કે નવી વસ્તુ જેમ કે ચાર, પાંચ ઘડિયાળ, મુસલ્લા, ચાદરો, ગોદડાં વિગેરે વસ્તુઓ વેચીને મસ્જિદમાં પૈસા લઈ શકાય કે નહીં ?

જવાબ:– حامدًا و مصليًا ومسلمًا

મસ્જિદ – મદરસામાં જે વસ્તુ વકફ પેટે અથવા સવાબ અર્થે આપવામાં આવે, તો આપનારને માત્ર આપવાથી જ વકફ અને નેક કાર્યમાં ખર્ચ કરવાનો સવાબ પ્રાપ્ત થઈ જશે. પરંતુ મઝકૂર વસ્તુઓમાં વપરાશના લઈ જે સવાબ અવિરત પણે મળતો રહેવો જોઈએ તે ઉપયોગમાં લીધા વિના મળશે નહીં. આ જ કારણે છે કે ફુકહાએ કિરામે મસ્જિદ – મદરસામાં આપવામાં આવેલ સામાન વિગેરેની મસ્જિદ – મરદસામાં જરૂરત ન હોવાની સૂરતમાં શર્તો આધિન અન્ય મસ્જિદ – મદરસામાં ખર્ચ કરવાની ઈજાઝત આપી છે. જેથી કરી આપનારનો મકસદ પણ પૂરો થાય અને એને સવાબ મળતો રહે.

*(અલ ફિકહુલ ઈસ્લામી વ અદિલ્લતુહૂ : ૮ /૨૧૯)*

હઝરત અકદસ ફકીહુલ ઉમ્મત મવ. મુફતી મહમૂદ હસન ગંગોહી સા. (રહ.) એક સવાલના જવાબમાં લખે છે : બેહતર સૂરત યહ હય કે મસ્જિદ કે મુતઅલ્લિક કુર્આને કરીમ કા મદ્રસા કાયમ કર દિયા જાયે, ઔર ઉસ જમીનકી આમદનીસે મુદર્રિસકો તન્ખવાહ દી જાયે, વો મુદર્રિસ ઈમામ હો યા કોઈ ઔર, ઈસસે મસ્જિદ આબાદ રહેગી, દીની તાલીમ ભી હોગી, ઔર સાહિબે મઝારકો ઉસકા સવાબ ભી પહૂંચતા રહેગા, જો કે વાકિફ કા અસલ મન્સા (મકસદ) હય. (ફતાવા મહમૂદિય્યહ : ૧૪ / ૩૧૨)

● ચટાઈઓ ઉપર નીચે ઉપરા છાપરી પાથરવાની સ્થિતિમાં બંને ઉપયોગ થવાના લઈ ઉપર ચીને બંને ચટાઈઓ આપનારાઓને સવાબ પ્રાપ્ત થશે.

● મુતવલ્લી, મસ્જિદ અથવા મદ્રસાના વ્યવસ્થિત સંચાલન અર્થે નિયુકત કરવામાં આવેલ વ્યકિત છે, જેની જવાબદારી મસ્જિદ – મદ્રસા સંબંધિત બાબતો, મિલકતો, વસ્તુઓ વિગેરેની દેખરેખ કરતા, મસ્જિદ

અને મદ્રસાની મસ્લિહતો અને હિતોને નજર સમક્ષ રાખી, યોગ્ય નિર્ણય લઈ, જે તે વ્યવસ્થા અને કામ કરવાની હોય છે એ વિશે મુતવલ્લી સ્વતંત્ર હોય છે, માટે એને મસ્જિદ – મદ્રસાના કોઈ સંચાલનમાં કોઈ વસ્તુ વિશે આગ્રહ ન કરવામાં આવે.

પરંતુ મુતવલ્લીએ જોઈએ કે મસ્જિદ મદ્રસાના કામો સંબંધિત જે તે કામના અનુભવી લોકોથી, સારા લોકોથી મશ્વેરો કરીને તે કામ કરે અને જો સારી સલાહ આપે, તો તેને સ્વિકાર કરવામાં સંકોચ ન અનુભવે કે આમાં મસ્જિદનો પણ ફાયદો છે અને અડચણો અને ફિત્નાઓ વિગેરેથી મસ્જિદ અને મસ્જિદનું તંત્ર સલામત રહે છે. *(ફતાવા હિન્દિય્યહઃ ૨ / ૪૬૨, ૪૬૩ ઉપરથી)*

●મસ્જિદ– મદ્રસામાં કોઈ વસ્તુ પેશ કરવામાં આવે અને મઝકૂર વસ્તુની જરૂરત તેમાં ન હોય અથવા કોઈ દીની મસ્લિહતના લઈ મુતવલ્લીને પેશ કરવામાં આવેલ વસ્તુનું સ્વિકાર કરવું યોગ્ય ન જણાય, તો એવી સૂરતમાં મુતવલ્લી મના કરી શકે છે, જેમ કે કોઈ કાફિર કોઈ વસ્તુ મસ્જિદ માટે વકફ કરે અને એનું સ્વિકાર કરવું મસ્જિદના હિતમાં ન હોય તો મુતવલ્લી તે વસ્તુ લેવાની ના પાડી શકે છે, આ વસ્તુની ચોખવટ ફુકહાએ કિરામે કરી છે. (ફતાવા ઉસ્માની : ૨ / ૫૩૭)

અહસનુલ ફતાવા હઝરત મવ. મુફતી રશીદ અહમદ સા. લુધયાનવી (રહ.) લખે છે : "મસ્જિદ કે મુતવલ્લી ઔર મુન્તઝિમકો ઈખ્તિયાર હે કે ચંદા કિસી દીની મસ્લિહત કે પેશે નઝર કબૂલ ન કરે. (અહસનુલ ફતાવાઃ ૬ /૪૬૬)

●વકફ તથા સવાબ અર્થે આપવામાં આવેલ વસ્તુમાં આપનાર તરફથી કરવામાં આવેલ શર્ત અને ચોખવટનું ઘણું જ મહત્વ છે, જો શરઈ દ્રષ્ટિએ વાંધાજનક ન હોય તો એનું પાલન કરવું એટલું જ જરૂરી થઈ પડે છે જેમકે શરીઅતનો કોઈ હુકમ. માટે સદર સૂરતમાં આપનારે ચટાઈઓ જે કામ માટે આપી છે, તેમાં એનો ઉપયોગ કરવો જોઈએ, વિના કારણે એને જરૂરત હોવા છતાં ઉપયોગમાં ન લેવું ખોટું છે. (શામી : ૩ / ૪૫૬)

અલબત્ત કોઈ ખાસ મસ્લિહતના લઈ મુતવલ્લી અને મસ્જિદના વ્યવસ્થાપકો વાપરતા ન હોય, તો તેમને આ વસ્તુનો અધિકાર છે. પાથરવા વિશે તેમને આગ્રહ કરવો દુરૂસ્ત નથી. જેમકે ઉપરોકતમાં આ સંબંધિત વિગત આવી ગઈ છે.

● મસ્જિદ મદરસામાં જે વસ્તુઓ લોકો મૂકી જાય છે, જાહેર છે મસ્જિદ – મદરસાના વપરાશ માટે જ મુકવામાં આવેલ હોય છે, જેમ કે મસ્જિદ– મદરસામાં મુકી જવું એ સ્વયં આ બાબત દર્શાવે છે, માટે મસ્જિદ–મદરસાની જરૂરતોમાં જ વાપરવામાં આવશે. (ઈ.મુફતીન : ૨ / ઉપરથી)

● મઝકૂર વસ્તુમાં જો સીધી રીતે મસ્જિદના ઉપયોગમાં ન લઈ શકાતી હોય, તો એવી સ્થિતિમાં તેમનું વેચાણ કરી આવેલ ઉપજ મસ્જિદની જરૂરતોમાં ખર્ચ કરવામાં આવે. એવી જ રીતે જે વસ્તુઓ મસ્જિદમાં ફાઝલ પડી હોય, તેને પણ વેચાણે આપીને તેનાથી પ્રાપ્ત થયેલ ઉપજ મસ્જિદના ઉપયોગમાં લઈ છે, પછી તે જુની હોય કે નવી.

"મસાઈલે બહેશ્તી ઝેવર" માં છે :

"મસ્જિદકે સામાનકી જરૂરત ન રહે, તો અગર તવક્કુઅ હો કે આઈન્દહ ઈસ મસ્જિદકે કામમેં આ સકેગા તો ઉસે મહફૂઝ રખ્ખા જાએ, ઔર અગર આઈન્દા કામમેં આનેકી તવક્કુઅ ન હો યા પડે પડે ઉસકે ઝાઈઅ હોનેકા અંદેશા હો તો ઉસકો ફરોખ્ત કર કે કીમત કો મસ્જિદકે દૂસરે મસારિફમેં ઈસ્તિઅમાલ કિયા જાયે. (૧/ ૫૯૬)"

● કુલર વિગેરે વસ્તુઓનું સ્વિકારવું મસ્જિદના હિતમાં ન હોય તો આવી વસ્તુઓના અસ્વિકાર કરવાની ગુંજાઈશ છે. આમ તો આ વસ્તુઓનું વાપરવું મુસલ્લીઓની રાહત ખાતર દુરૂસ્ત છે.

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

*તા. ૨૩/જુમા. ઉખરા ૧૪૩૩ હિ. / ૧૫/૫/૨૦૧૨ ઈ.*

૧૦૦. બોધકથા.

ગામડામાં એક મોલ્વી સાહેબ મસ્જિદની ઈમામત અને મકતબની તાલીમ આપતા હતા. બાળકો અને યુવાનોને ધર્મ – ઈસ્લામની જરૂરી વાતો શીખવાડતા અને ઈસ્લામી અકીદાઓનું સિંચન કરવાના પ્રયત્નો કરતા હતા.

ઈમામ સાહેબથી ખુશ થઈને કોઈકે ઈમામ સાહેબને પોપટ ભેટમાં આપ્યો. ઈમામ સાહેબને પણ પક્ષીઓ – બિલાડીઓ પાળવાનો શોખ હતો. આ પોપટ એમને ગમી ગયો. રોજ એને લઈને મસ્જિદે આવતા અને મકતબમાં કલાસમાં પણ સાથે લાવતા. રોજની આ સોહબતથી પોપટ પણ 'લા ઈલાહ ઈલ્લલ્લાહ' વગેરે કલિમાઓ શીખી ગયો. અને આખો દિવસ ટેં ટેં કરવાના બદલે મીઠી ભાષામાં 'લા ઈલાહ ઈલ્લલ્લાહ'નું રટણ કરતો રહેતો. જે ઈમામ સાહેબને ઘણું સારું લાગતું હતું.

એક દિવસ જયારે યુવાનો – શિષ્યો ઈમામ સાહેબ પાસે આવ્યા તો ઈમામ સાહેબ ખૂબ રડી રહયા હતા. ચહેરો આંસુઓથી તરબોળ હતો. નજીક આવીને જોયું તો બધી હકીકત સમજાય ગઈ. ઈમામ સાહેબની કોઈ બિલાડીએ પોપટને રહેંસી નાખ્યો હતો. લોહીમાં લથબથ બે ચાર પીંછા ઈમામ સાહેબ પાસે પડયા હતા.

શિષ્યોએ ઈમામ સાહેબને કહયું કે એમાં શું રડો છો ? આના કરતાં વધારે સુંદર બે ચાર પોપટ તમને લાવી દઈશું. ઈમામ સાહેબે કહયું કે પોપટના મરવાનો મને કોઈ આઘાત કે સદમો નથી.

તમને બધાને ખબર છે કે પોપટ આખો દિવસ 'લા ઈલાહ ઈલ્લલ્લાહ..'નું રટણ કરતો રહેતો હતો. પણ જયારે બિલાડીએ એના ઉપર તરાપ મારી તો એ ફકત ટેં ટેં કરતો રહયો, એકવાર પણ એના મોઢેથી 'લા ઈલાહ ઈલ્લલ્લાહ'ના શબ્દો નીકળ્યા નહીં. મને હવે સમજમાં આવે છે કે આ શબ્દો એના મતલબ અને ભાવાર્થ સાથે પોપટના દિલમાં ઉતર્યા ન હતા. એટલે અણીના સમયે અને અંતિમ ક્ષણે એને યાદ આવ્યા નહીં. હવે મને મારી પોતાની બીક લાગે છે કે શી ખબર મૃત્યુ ટાણે, છેલ્લી ઘડીએ મને પોતાને પણ 'લા ઈલાહ ઈલ્લલ્લાહ..'નો સબક યાદ રહે છે કે નહીં ? કયાંક એવું ન થાય કે આખી જિંદગી જેનું રટણ કર્યું છે એ તવહીદનો અકીદો હજુ દિલમાં સમાયો જ ન હોય અને છેલ્લી ઘડીએ એનાથી હાથ ધોવા પડે.

કહાનીનો સાર તો ઈમામ સાહેબના શબ્દોમાં આવી ગયો. અને જીવતા જીવ આ હકીકતને સમજવી હોય તો આપણે વિચારીએ, કોઈ મુસીબતથી ઘડીમાં, અણીના સમયે, ખુશી કે ગમીના અવસરે શું કરીએ છીએ ? ઘર બહાર બારે માસ દીનદારીનો જે દેખાડો કરીએ છીએ એ જ પ્રમાણે ચાલીએ છીએ કે પછી દીન અને ઈસ્લામને બાજુ પર મુકીને દુનિયા અને શયતાનના રસ્તે ચાલીએ છીએ ? ••••

# Necessity to maintain local Masjids after Babri Masjid Verdict

The Supreme Court's verdict on 500 years old Babri Masjid has removed the obstacle from Ram Temple construction. Although the Muslim organizations like All India Muslim Personal Law Board, Jamiat Ulama Hind and other Islamic organizations have decided to file a review petition in Supreme Court to revise the judgement. But there seems no hope of any change in the verdict. It will only allow Muslims' side another chance to challenge and argue the verdict.

Similar incidence happened in Kerala when Supreme Court delivered its judgement in Sabrimala Temple case that women cannot be forbidden from entering into the Sabrimala Temple, Hindu organizations filed review petition in the Supreme Court to reconsider the verdict. The Chief Justice Ranjan Gangoi was supposed to issue final decision in the case before his retirement. But the Supreme Court has moved the case from 5 panel judges Court to 7 panel judges Court. The Hindu tradition does not allow women between 15 to 50 ages to enter Sabrimala Temple.

In Islam a Masjid is much more than a place of worship. It is a place of guidance where on one hand Muslims are taught how to lead life according to the Quran and Hadith and on another it delivers to the world the message of Islam that Islam is the religion of peace and harmony. One of the important obligations performed within the Masjid is Salah.

Muslim from all sects agree that Muslim males are supposed to perform their daily obligatory prayers in congregation. If they pray alone, the obligation will be fulfilled. But to make such habit is an act of sin. In current situation of India, I will request the Muslim leaders to fight the Babri Masjid case very sensibly and avoid any kind of march or mob gathering on the roads.

Such an act will only help the anti Muslim extremist group to achieve its target of creating conflict between Hindus and Muslims and dividing them on the basis of religion.

In the meantime, I request Muslim brothers to be punctual of congregational prayers in their local Masjids and show by their words and actions to the none Muslims that Masjids, Madarsas and Maktib do not promote terrorism. They preach peace and harmony. They teach moral and good conduct.

## દીનની બરબાદી

હઝ. ઉમર રદિ.નું કથન છે :

ત્રણ ચીઝો ઈસ્લામની બરબાદીનું કારણ છે. (૧) કોમના રાહબર આલિમની ભૂલો. (૨) અલ્લાહની કિતાબને આડ – આધાર બનાવીને ફિત્નો ફેલાવનાર મુનાફિક. (૩) ગુમરાહ હાકેમનો ખોટા ફેસલાઓ.

## ખાલી પેટ – ભરેલું પેટ

શરીફ માણસ જયારે ખાલી પેટ હોય ત્યારે પોતાનો કાબુ ગુમાવી બેસે છે. માટે શરીફ માસણો સાથે ન્યાય અને એહસાનનું વર્તન કરો. અને કમીનો માણસ જયારે પેટ ભરેલું હોય (સત્તા કે દોલત હોય) ત્યારે પોતાનો કાબુ ગુમાવી દે છે. માટે આવા લોકો સાથે એહસાન અને સદવર્તનના હકદાર નથી.

## કાબેલની કદર

કાબેલ માણસ સન્માન અને કદરનો હકદાર હોય છે. આ ફરજ સહુપ્રથમ એના નિકટના લોકો ઉપર લાગુ પડે છે. તેઓ એમાં કોતાહી કરે છે તો પછી દૂરના લોકો એની કાબેલિયતથી ફાયદો ઉઠાવે છે.

## હસદખોર

હઝ. અમીર મુઆવિયહ રદિ. ફરમાવે છે કે હું દરેક માણસને રાજી – ખુશ કરી શકું છું. પણ હસદખોર – ઈર્ષાળુને રાજી નથી કરી શકતો. એ તો મારી નેઅમત છીનવાય ત્યાં સુધી રાજી નહીં થાય.

## ભલાઈનું કામ

જહાલતની વાત કરવામાં ખૈર નથી હોતી, એ જ પ્રમાણે જરૂરતના સમયે ભલાઈની વાત બોલવામાં ખામોશ રહેવું ખૈર – ભલાઈ નથી.

## બીમાર દિલ

ત્રણ વસ્તુઓ બીમાર દિલની નિશાની છે. (૧) હસદ – ઈર્ષા કરવી. (૨) રિયાકારી. ફકત લોકોને દેખાડવા ખાતર, નિખાલસતા વગર કોઈ નેક કામ કરવું. (૩) ખુદપસંદી – આત્મશ્લાઘા. એટલે કે પોતાને અને પોતાની વાતોને જ શ્રેષ્ઠ – સહીહ સમજવું.

## ખુદાની બંદગી

મુસલમાનોનો બુનિયાદી અકીદો છે કે મુહમ્મદ (સલ.) અલ્લાહના રસૂલ છે. આ માટે 'કલિમહ'ના જે શબ્દો શીખવાડવામાં આવ્યા એમાં આવે છે : 'અબ્દુહૂ વ રસૂલુહૂ' એટલે કે મુહમ્મદ અલ્લાહના બંદા અને રસૂલ છે. જો અલ્લાહના આટલા મહાન રસૂલ વિશે લોકોને કહેવામાં આવતું હોય કે એને અલ્લાહનો બંદો કહો તો પછી બીજા સામાન્ય લોકોની અલ્લાહ તઆલા સામે શી હેસિયત ? માટે માણસે હરપળે પોતાની બંદગીને યાદ રાખવી જોઈએ.

## બેઅદબી

કોઈના સવાલ, વાત કે સલામનો જવાબ ન આપવો બે અદબી છે. અને સમયસર જવાબ ન આપવો અને ઈન્તેઝાર કરાવવો પણ બે અદબી છે.